


અષાઢી બીજ તથા
કચ્છી નવા વર્ષની
સર્વે વાચકોને
હાર્દિક શુભકામનાઓ



# ન્યુઝ 4 કચ્છ

'વાત કચ્છીયતની'

RNI No. GujGuj/2023/87263 | તંત્રી : જય દિનેશભાઇ દવે | News4Kutch Daily

વર્ષઃ ૦૧ અંક : ૩૦૬ તા.૦૭.૦૭.૨૦૨૪, રવિવાર પાનાઃ ૬ કિંમતઃ રૂા.૧ રજી.ઓફિસઃ ૯, માતૃભવ, સત્યમ સોસાયટી, ભુજ(કચ્છ) ૩૭૦૦૦૧ Email: news4kutchinfo@gmail.com

Year : 01 Issue : 306 Dt. 07-07-2024, Sunday Page : 6 Price : Rs. 1 Office : 9, Matrubhav, Satyam Society, Bhuj - Kutch 370001 Mob: 7874889933 Email : news4kutchinfo@gmail.com


## આફતનો વરસાદ : અમરનાથ યાત્રા અટકી,ભારે વરસાદનું એલર્ટ !

**ચોમાસાના ભારે વરસાદથી સમગ્ર દેશમાં ખરાબ હાલત છે. હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડમાં તો વાદળ આફત બનીને વરસી રહ્યાં છે. જમ્મુ-કાશ્મીરમાં પણ ચોમાસાએ દસ્તક આપી છે. જેની અસર અમરનાથ યાત્રા પર પડી હતી.જમ્મુથી અનેક રાજ્યોમા ભારે વરસાદનુ એલર્ટ આપવામા આવ્યુ છે.૯૦ થી વધુ રસ્તાઓ અને સ્કુલો પણ બંધ કરાવાઈ**



જમ્મુ-કાશ્મીરમાં ભારે વરસાદને કારણે શનિવારે અમરનાથ યાત્રા રોકી દેવામાં આવી હતી હવામાનમાં સુધારો થયા બાદ મુસાફરોને આગળ જવા દેવામાં આવશે.હેલગામ અને બાલતાલ બંને માર્ગોથી પવિત્ર ગુફા તરફ જતા રસ્તાઓ બંધ કરી દેવામાં આવ્યા છે. મુસાફરોને તેમના બેઝ કેમ્પમાં પાછા મોકલવામાં આવ્યા હતા.હવામાન વિભાગે ઉત્તરાખંડમાં ભારે વરસાદનું રેડ એલર્ટ જાહેર કર્યુ છે. ૭ જુલાઈ સુધી રાજ્યમાં વિવિધ સ્થળોએ ભારે વરસાદની શક્યતા છે.ઉત્તરાખંડમાં ભારે વરસાદ અને ભૂસ્ખલનને કારણે નેશનલ હાઈવે ૧૦૭ અને ૫૮ બ્લોક થઈ ગયા છે. રોડ પર ઘણી જગ્યાએ કાટમાળ જમા થઈ ગયો છે, જેના કારણે વાહનવ્યવહાર ખોરવાઈ ગયો હતો ઉત્તરાખંડના અનેક જિલ્લાઓમાં ભારે વરસાદ થયો હતો. જેના કારણે ભૂસ્ખલન થયું હતું અને ૮૮ માર્ગો પર વાહનવ્યવહાર ખોરવાયો હતો. રુદ્રપ્રયાગમાં ભૂસ્ખલનના કાટમાળને કારણે જૂની ટનલ બંધ થઈ ગઈ છે.આગામી ત્રણ દિવસ સુધી ભારે વરસાદની સંભાવના છે. હવામાન વિભાગે કહ્યું છે કે આજે દેશના ૧૫ રાજ્યોમાં ભારે વરસાદની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે.



ઉત્તરાખંડ, તા.૨૯

આશામ-ઉત્તરાખંડ સહિતના વિસ્તારોમાં વરસાદ આફત બની ને વરસ્યો છે. ચમોલીમાં બદ્રીનાથ નેશનલ હાઈવે પર ભૂસ્ખલન થયું, જેના કારણે વાહનવ્યવહાર ખોરવાયો હતો. હિમાચલ પ્રદેશમાં ગત રાત્રે મનાલી-લેહ હાઈવે પર ફ્લેશ ફ્લડ થયું, જેની ચપેટમાં ઘણા વાહન આવી ગયા. હવામાન વિભાગે ૧૦ જુલાઈ સુધી ત્રણેય રાજ્યોમાં ભારે વરસાદ પડવાનું એલર્ટ જારી કર્યું છે. દરમિયાન લોકોને અપીલ છે કે તેઓ આ ત્રણ રાજ્યોની ટ્રિપ પર ન જાય અને ખરાબ હવામાનથી પોતાનો બચાવ કરે. ખરાબ હવામાન અને વરસાદની સ્થિતિને જોતાં જમ્મુ કાશ્મીર પોલીસે અમરનાથ યાત્રીઓ માટે ખાસ એડવાઈઝરી જારી કરાઇ છે.રામગંગા, કોકિલા અને બહુલાનું જળસ્તર વધી ચૂક્યું છે. બદ્રીનાથ ગંગોત્રી હાઈવે સહિત સમગ્ર રાજ્યમાં લગભગ ૧૦૦થી વધુ માર્ગો બ્લોક છે. હવામાન વિભાગે સમગ્ર પ્રદેશમાં ભારે વરસાદ પડવાનું રેડ એલર્ટ જારી કર્યું છે. જેના કારણે સ્કુલ અને ઓફિસ બંધ કરી દેવાઈ છે. ચારધામ યાત્રાળુઓને જ્યાં છે ત્યાં જ રોકાવાનો આદેશ કરાયો છે.હિમાચલ પ્રદેશ માટે હવામાન વિભાગે વરસાદનું ઓરેન્જ એલર્ટ આપ્યું છે. પ્રદેશના ઘણા વિસ્તારો માં ભારે વરસાદથી ફ્લેશ ફ્લડ અને ભૂસ્ખલનની ઘટનાઓ થઈ રહી છે. ગત રાત્રે લાહોલ-સ્પીતિમાં મનાલી-લેહ હાઈવે પર જિંગજિંગબારમાં પૂર આવ્યું. હાઈવે પર ઊભેલા ટ્રક અને બાઈક કાટમાળની ચપેટમાં આવી ગયા. કમાંડિંગ ઓફિસર મેજર રવિ શંકરે ઘટનાની પુષ્ટિ કરી અને કહ્યું કે પૂર આવવાથી મનાલી-લેહ નેશનલ હાઈવે બંધ કરી દેવાયો છે.શિમલામાં વરસાદનું પાણી ઘરમાં ઘૂસી ગયા હતા છે. રસ્તા પર કાટમાળ, પથ્થર અને વૃક્ષ પડેલા છે. ૭૦થી વધુ માર્ગો બ્લોક છે. ૨૦૦થી વધુ વિજળીના ટ્રાન્સફોર્મર ઠપ છે. હવામાન વિભાગે ૬ જિલ્લા મંડી, શિમલા, સિરમોર, કાંગડા, કુલ્લૂ અને કિન્નોરમાં પૂર આવવાની ચેતવણી આપી છે. લોકોને નદીઓ અને નાળાથી દૂર રહેવાની સલાહ છે. લાહોલ સ્પીતિ સિવાય અન્ય પ્રદેશમાં વાવાઝોડું આવવાની શક્યતા છે.

દરમિયાન, દિલ્હી સરકારે હથનીકુંડ બેરેજના રીઅલ-ટાઇમ ડેટાને મોનિટર કરવા માટે ૨૪ કલાક પૂર નિયંત્રણ રૂમની સ્થાપના કરી છે. અહીંથી દિલ્હી માટે યમુનામાં પાણી છોડવામાં આવે છે.

### ઉત્તરાખંડ માટે રેડ અલર્ટ જારી

ઉત્તર ભારતના ઘણા રાજ્યોમાં ભારે વરસાદને કારણે જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયું હતું. તેમાં હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડના પહાડી રાજ્યો પણ સામેલ છે. ઉત્તરાખંડમાં છેલ્લા કેટલાક દિવસોમાં ભારે વરસાદને કારણે બે લોકોના મોત થયા છે. હવામાન વિભાગે ૬ અને ૭ જુલાઈ માટે રેડ એલર્ટ પણ જાહેર કર્યું છે. ભારે વરસાદની સંભાવનાને કારણે નૈનીતાલ જિલ્લામાં હજુ પણ શાળાઓ બંધ છે.બદ્રીનાથ તરફ જતા રાષ્ટ્રીય ધોરીમાર્ગ સહિત મુખ્ય રસ્તાઓ બંધ થઈ ગયા હતા. સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટરે જણાવ્યું હતું કે ભૂસ્ખલનને કારણે ૮૮ ગ્રામીણ મોટરેબલ રોડ, બે બોર્ડર રોડ, એક સ્ટેટ હાઈવે અને બદ્રીનાથ મંદિર તરફ જતો નેશનલ હાઈવે બ્લોક થઈ ગયો છે.ઋષિકેશ-બદ્રીનાથ નેશનલ હાઈવે લામ્બાગઢમાં બ્લોક કરવામાં આવ્યો હતો, જે ભૂસ્ખલન માટે અત્યંત સંવેદનશીલ વિસ્તાર છે.

### દિલ્હીથી આસામ સુધી તારાજી

હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડ સહિત ઉત્તર ભારતના મોટા ભાગોમાં ભારે વરસાદને કારણે સામાન્ય જનજીવન પ્રભાવિત થયું હતું, જ્યારે આસામમાં પૂરની સ્થિતિ ગંભીર છે.લગભગ ૨૨ લાખ લોકો પૂરથી પ્રભાવિત થયા છે.આસામના મુખ્યમંત્રી હિમંતા વિશ્વ શર્માએ ડિબ્રુગઢમાં પૂર પ્રભાવિત વિસ્તારોની મુલાકાત લીધી હતી. ડિબ્રુગઢ રાજ્યના ૨૯ પૂર પ્રભાવિત જિલ્લાઓમાંનો એક છે. આસામ તાજેતરના વર્ષોમાં તેના સૌથી ભયંકર પૂર સામે ઝઝૂમી રહ્યું છે.૨૯ જિલ્લાઓમાં લગભગ ૨૨ લાખ લોકો અસરગ્રસ્ત છે અને તમામ મોટી નદીઓ ખતરાના નિશાનથી ઉપર વહી રહી છે. અત્યાર સુધી ૭૭ જંગલી પ્રાણીઓના મોત થયા છે પૂર, ભૂસ્ખલન અને વાવાઝોડામાં મૃત્યુઆંક વધીને ૬૨ થઈ ગયો છે જ્યારે ત્રણ લોકો લાપતા છે. રાજ્યમાં ૬.૪૮ લાખ લોકો સાથે ધુબરી જિલ્લો સૌથી વધુ પ્રભાવિત છે. દારાંગમાં ૧.૯૦ લાખ લોકો અને કચરમાં ૧.૪૫ લાખ લોકો પૂરથી પ્રભાવિત થયા છે.

## આકાશી વીજળી પડતા એક જ દિવસમાં ૧૮ લોકોના મોત

બિહારમાં વરસાદ જીવલેણ સાબિત થઈ રહ્યો છે. આકાશથી ભયાનક વીજળી પડતાં શુક્રવારે ૧૮નાં લોકોના મોત થઈ ગયા છે. એક જ દિવસમાં ૧૮નાં મોત થતાં બિહારમાં હાહાકાર મચી ગયો છે. ભાગલપુરમાં ૪, બેગૂસરાય-જહાનાબાદનાં ત્રણ-ત્રણ લોકોના મોત થઈ ગયા છે. મધેપુરા-સહરસામાં બે-બે લોકોના મોત થયા છે. બીજી તરફ કારાકાટ, વૈશાલી, છપરામાં એક-એક લોકોના મોત થયા છે. જોકે, ડિઝાસ્ટર મેનેજમેન્ટ ડિપાર્ટમેન્ટે અત્યાર સુધીમાં માત્ર ૮ લોકોના મોતની પુષ્ટિ કરી છે. ડિઝાસ્ટર મેનેજમેન્ટ ડિપાર્ટમેન્ટે લોકોને અપીલ કરતા કહ્યું કે, મૂશળધાર વરસાદના કારણે આકાશમાંથી વીજળી પડવાની સંભાવનાને ધ્યાનમાં રાખી ખેતરમાં ના રહેવું, રસ્તા પર ન રહેવું. કો પ ઇકા ઘરમાં જ રહેવું. બિહારમાં વરસાદ હવે લોકો માટે આફત બની ગયો છે. એક મહિના પહેલા જ્યાં આકરી ગરમી લોકો માટે જીવલેણ બની હતી તો હવે વરસાદ પણ લોકો માટે જીવલેણ બની રહ્યો છે. બિહારમાં ચોમાસાના વરસાદે લોકોને જીવલેણ ગરમીથી તો રાહત આપી છે પરંતુ બીજી તરફ આકાશની વીજળીનો કહેર જીવલેણ બની રહ્યો છે. બિહારમાં શુક્રવારે વીજળી પડવાથી અનેક લોકોના મોત થઈ ગયા છે. ઉત્તર બિહારના અનેક જિલ્લામાં ભારે વરસાદ અંગે હવામાન વિભાગે એલર્ટ જારી કર્યું છે. હજું પણ આકાશમાં વાદળ છવાયેલા છે, આકાશમાં કાળા વાદળ નજર આવી રહ્યા છે. આ સાથે જ અનેક જિલ્લામાં વીજળીની શક્યતા છે. તે અંગે હવામાન વિભાગે લોકોને એલર્ટ રહેવાની સલાહ આપી છે. વરસાદ દરમિયાન ઘરમાંથી ઓછું નીકળવા અને પાકા ઘરોમાં રહેવા માટે જણાવ્યું છે. બીજી તરફ વીજળીની સ્થિતિમાં બારીઓ અને દરવાજા બંધ રાખવા. ખુલ્લી બારી, દરવાજા કે ધાતુના પાઈપો પાસે ઊભા ન રહેવું.

## કેન્દ્રીય બજેટ ૨૩ જૂલાઇએ

૧૮મી લોકસભાના ગઠન બાદ મોદી સરકાર તેમના ત્રીજા કાર્યકાળનો પ્રથમ બજેટ રજૂ કરશે નાણા મંત્રી નિર્મલા સિતારમણ ૨૩ જૂલાઈએ સંસદમાં બજેટ રજુ કરશે સંસદીય કાર્યમંત્રી કિરેન રિજિજુએ આ અંગેની જાણકારી આપી હતી સંસદના બંને ગૃહોને ૨૨ જુલાઈથી ૧૨ ઓગસ્ટ સુધી બોલાવવાના પ્રસ્તાવને મંજૂરી મળી ગઇ છે. જે અંગે પણ જાણકારી અપાઇ હતી પહેલી ફેબ્રુઆરીના રોજ વચગાળાનું બજેટ રજૂ કરવામાં આવ્યું હતું. હવે નવી સરકારના ગઠન બાદ પૂર્ણ બજેટ રજૂ કરવામાં આવશે.નાણા મંત્રી નિર્મલા સિતારમણ સતત સાત કેન્દ્રીય બજેટ રજૂ કરનાર પ્રથમ નાણામંત્રી બની અનોખો રેકોર્ડ પણ પોતાના નામે કરશે.મોદી સરકાર ૩.૦ બજેટ પર દેશના લોકોને અનેક આશા છે. કેન્દ્રમાં એનડીએ સરકાર બન્યા બાદ સંપૂર્ણ બજેટની રાહ જોવાઈ રહી છે. હવે સરકારે સામાન્ય બજેટ રજૂ કરવાની તારીખ જાહેર કરી છે. આ વખતે સંપૂર્ણ બજેટ ૨૩ જુલાઈએ રજૂ કરવામાં આવશે.આ માહિતી આપતાં સંસદીય બાબતોના પ્રધાન કિરેન રિજિજુ એ જણાવ્યું કે ભારત સરકારની ભલામણ પર ભારતના રાષ્ટ્રપતિએ ૨૨ જુલાઈ, ૨૦૨૪થી ૧૨ ઓગસ્ટ સુધી બજેટ સત્ર, ૨૦૨૪ માટે સંસદના બંને ગૃહો બોલાવવાના પ્રસ્તાવને મંજૂરી આપી દીધી છે. ,૨૦૨૪. આપેલ (સંસદીય કામકાજની આવશ્યકતાઓને આધીન). તે જ સમયે, કેન્દ્રીય બજેટ, ૨૦૨૪-૨૫ ૨૩ જુલાઈ, ૨૦૨૪ ના રોજ લોકસભામાં રજૂ કરવામાં આવશે. આ વર્ષે બે વખત બજેટ રજૂ કરવામાં આવી રહ્યું છે. વચગાળાનું બજેટ ૧ ફેબ્રુઆરી ૨૦૨૪ના રોજ રજૂ કરવામાં આવ્યું હતું.

## કુલગામમાં આતંકવાદીઓ સાથે અથડામણમાં એક જવાન શહીદ

જમ્મુ-કાશ્મીરના કુલગામમાં આતંકવાદીઓ સાથેની અથડામણમાં એક જવાન શહીદ થયો છે. કુલગામના મુદરગામ વિસ્તારમાં ચાલી રહેલા એન્કાઉન્ટર માં તે પહેલા ઘાયલ થયો હતો, ત્યારબાદ તેને તાત્કાલિક નજીકની હોસ્પિટલ માં લઈ જવામાં આવ્યો હતો, જ્યાં તેનું મોત નીપજ્યું હતું. આ વિસ્તારમાં હજુ પણ ઓપરેશન ચાલુ છે. આ વિસ્તારમાં ત્રણથી ચાર આતંકીઓ છુપાયા હોવાના સમાચાર છે. ભારતીય સેનાના જવાનો સતત આતંકવાદીઓને શોધવામાં વ્યસ્ત છે. વિસ્તારને સંપૂર્ણ રીતે ઘેરી લેવામાં આવ્યો છે. ઈન્ટેલિજન્સ ઈનપુટના આધારે સેના અને પોલીસે ઓપરેશન શરૂ કર્યું હતું. જમ્મુ અને કાશ્મીરમાં આતંકવાદીઓ તેમની નાપાક ગતિવિધિઓથી બિલકુલ હટતા નથી. ભારતીય સેના સતત ઓપરેશન ચલાવી રહી છે. છેલ્લા કેટલાક દિવસોમાં ભારતીય સૈનિકોએ અનેક ઓપરેશન હાથ ધર્યા છે. એન્કાઉન્ટરમાં અનેક આતંકીઓ અને આતંકવાદીઓ માર્યા ગયા છે. જમ્મુ-કાશ્મીર છેલ્લા કેટલાક દાયકાઓથી આતંકવાદનો સામનો કરી રહ્યું છે. કેન્દ્રશાસિત પ્રદેશમાં આતંક વાદને ખતમ કરવા માટે અનેક અભિયાનો સતત ચલાવવામાં આવી રહ્યા છે. ગયા મહિને પણ અનેક ઓપરેશન હાથ ધરવામાં આવ્યા હતા. લગભગ ૧૦ દિવસ પહેલા ડોડામાં સુરક્ષાદળોએ ૩ આતંકીઓને ઠાર કર્યા હતા. માર્યા ગયેલા ત્રણેય આતંકવાદીઓ પાકિસ્તાની નાગરિક હતા. તેની પાસેથી મોટી માત્રા માં હથિયારો અને દારૂગોળો મળી આવ્યો હતો. માર્યા ગયેલા આતંકવાદીઓ પાસેથી બે એમ૪ અને એક એકે ૪૭ રાઈફલ મળી આવી હતી. ૧૧ જૂને ડોડા ના છત્તરગલ્લામાં આતંકવાદીઓએ પોલીસ ચોકી પર હુમલો કર્યો હતો, જેમાં ૬ સુરક્ષાકર્મીઓ ઘાયલ થયા હતા.

## આજે ભગવાન જગન્નાથની રથયાત્રા

અમદાવાદ,તા.૬

અમદાવાદમાં ભગવાન જગન્નાથજીની ૧૪૭મી રથયાત્રાની સુરક્ષા માટે અત્યંત આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવશે. રથયાત્રા ની સુરક્ષા માટે પોલીસ, પેરા મિલિટરી ફોર્સ સહિત કુલ ૨૩ હજારથી વધુ જવાનો ખડેપગે બંદોબસ્તમાં રહેશે. તેમજ સીસીટીવી કેમેરા, સીસીટીવી સજ્જ વાહનો, બોડી વોર્ન કેમેરા, ડ્રોન, જીપીએસ સિસ્ટમ, ઈમરજન્સી કોલ બોક્સ, પોર્ટેબલ પોલ, પબ્લિક એડ્રેસ સિસ્ટમ સહિતની ટેકનોલોજીનો પણ ઉપયોગ કરાશે. પ્રથમ વખત જગન્નાથ મંદિરના ગેટ પર જ ઈમરજન્સી કોલ બોક્સ લગાવવામાં આવ્યું છે. રથયાત્રાના રૂટ પરના કાયમી ૧૨ લોકેશનમાં કુલ ૨૬ કેમેરા અને પોર્ટેબલ પોલ લગાવાયા છે. સમગ્ર રૂટ પર આવતાં ખાનગી દુકાન માલિકો સાથે મળી કુલ ૧૪૦૦ જેટલાં સીસીટીવી કેમેરા પણ લગાડવામાં આવ્યા છે. ૧૧ જેટલી જગ્યા પર પબ્લિકને માહિતી અને સૂચના આપવા માટે પબ્લિક એડ્રેસિંગ સિસ્ટમ પણ લગાવવામાં આવી છે.

કોલ બોક્સમાં હાઈ રિઝોલ્યુશન કેમેરો લગાવવામાં આવ્યો છે જેમાં લાલ રંગનું એક બટન હોય છે. આ બટન દબાવતાની સાથે જ બોક્સમાં લાગેલો કેમેરો એક્ટિવ થઇ જશે અને પોલીસ કંટ્રોલ રૂમમાં મેસેજ જશે. પોલીસ કંટ્રોલ રૂમમાં કર્મચારી તેને રિસીવ કરશે અને બટન દબાવનારી વ્યક્તિ સાથે સીધી વાતચીત કરી શકશે. રથયાત્રાના રૂટ પર લોકોને માહિતી અને સૂચના આપવા માટે ૧૧ જેટલી જગ્યાએ પબ્લિક એડ્રેસિંગ સિસ્ટમલગાવવામાં આવી છે. જ્યારે કોઇ જગ્યાએ વધુ પડતી ભીડ એકઠી થઇ ગઇ હશે કે બીજી કોઇ જરૂરી સૂચના આપવી હશે તો પોલીસ કંટ્રોલ રૂમ આ સિસ્ટમ મારફતે તે આપશે.

ટેથર્ડ ડ્રોન સતત ૧૦થી ૧૨ કલાક સુધી ઉડી શકે છે. આ ડ્રોન ૩થી ૪ કિલોમીટર સુધીનો વિસ્તાર કેચઅપ કરી શકે છે. ટેથર્ડ ડ્રોનને ત્યાં જ પાવર સપ્લાય અપાય છે. આ રથયાત્રામાં ઉપયોગમાં લેવાનારી આધુનિક ટેકનોલોજી અંગે અમદાવાદ શહેરના અધિક પોલીસ કમિશનર (સેક્ટર-૧) નિરજકુમાર બડગુજર સાથે ખાસ વાતચીત કરી હતી.

પોલીસ રથયાત્રાની સુરક્ષા માટે ટેથર્ડ ડ્રોન, નિન્જા ડ્રોન અને ખાનગી ડ્રોનનો ઉપયોગ કરશે. ટેથર્ડ ડ્રોન ૧૦થી ૧૨ કલાક સુધી ઉડી શકે છે અને તેને પાવર સપ્લાય ત્યાં જ આપવામાં આવે છે. જ્યારે નિન્જા ડ્રોનનો ફ્લાય ટાઇમ ૨૦થી ૨૫ મિનિટનો હોય છે. તેના પછી તેની બેટરી ચેન્જ કરીને તેને ફરીથી ઉડાવી શકાય છે. પોલીસ પાસે સ્પેર બેટરીની વ્યવસ્થા હોય છે. જેથી સતત મોનિટરીંગ કરી શકાય છે. ડ્રોનનું મોનિટરીંગ ક્રાઇમ બ્રાન્ચ અને કંટ્રોલ રૂમ એમ બન્ને કરશે. ડ્રોનથી કોટ વિસ્તારમાં અને ધાબાં પર નજર રખાશે. ક્યાં-શું પડેલું છે, કઇ જગ્યાએ ભીડ એકઠી થઇ રહી છે તેની તમામ વિગતો ડ્રોનથી મળી જશે.

રથયાત્રામાં ત્રણેય રથ અને વાહનોનું લાઇવ મોનિટરીંગ થાય છે. કોઇ જગ્યાએ વધારે ભીડ થઇ ગઇ તો તાત્કાલિક તે વિસ્તારના અધિકારીને વાયરલેસથી સંપર્ક કરીને ત્યાં વધારે ફોર્સ બોલાવીને રૂટ અને રસ્તા કલીયર કરાવાશે. નિર્ભયા પ્રોજેક્ટ અંતર્ગત આગામી દિવસોમાં વધુ ૧૧ સ્થળોએ ઈમરજન્સી કોલ બોક્સ લગાવાશે. શહેરમાં જે સ્થળે મહિલાઓ, બાળકો અને વૃદ્ધોની વધુ અવર જવર હશે તે સ્થળોની ઓળખ કરીને ત્યાં આ બોક્સ લગાવાશે. રથયાત્રાના દિવસે હેલિકોપ્ટરથી હવાઈ પેટ્રોલિંગ પણ કરાશે. આ પહેલા ઉચ્ચ પોલીસ અધિકારીઓએ રથયાત્રાના રૂટ પર હેલિકોપ્ટરથી નિરીક્ષણ પણ કર્યું હતું.

## રાજકીય પક્ષોએ ઈલેક્ટ્રોરલ બોન્ડ્સથી મેળવેલા નાણાં જપ્ત કરવાની અરજી દાખલ

નવી દિલ્હી, તા.૬

સુપ્રીમ કોર્ટે ઈલેક્ટોરલ બોન્ડને ગેરબંધારણીય ગણાવી તેના પર પ્રતિબંધ મૂકી દીધો છે. આ કેસની સુનાવણી સુપ્રીમ કોર્ટના CJI ડી.વાય. ચંદ્રચુડની અધ્યક્ષમાં રહેલી બંધારણીય બેંચ દ્વારા કરવામાં આવી રહી હતી. અગાઉ સુપ્રીમ કોર્ટે માત્ર ઈલેક્ટોરલ બોન્ડને ગેરકાયદેસર ગણાવ્યા નથી, પરંતુ અત્યાર સુધીમાં કેટલા લોકોએ ચૂંટણી બોન્ડ ખરીદ્યા અને કઈ પાર્ટી ઓને દાન આપવામાં આવ્યું છે તેની માહિતી પણ સાર્વજનિક કરવા પણ કહ્યું હતું. સુપ્રીમ કોર્ટે અગાઉ આ માટે જીમ્ને ત્રણ અઠવાડિયાનો સમય પણ આપ્યો હતો. ઈલેક્ટ્રોરલ બોન્ડ્સ દ્વારા વિવિધ રાજકીય પક્ષોને મળેલા નાણાંને જપ્ત કરવાની માંગ કરતી એક અરજી સુપ્રીમ કોર્ટમાં દાખલ કરવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે સુપ્રીમ કોર્ટે ફેબ્રુઆરીમાં વર્ષ ૨૦૧૮ની ઈલેક ટ્રોરલ બોન્ડ્સ સ્કીમને ગેરકાયદેસર ઠેરવી હતી. આ કેસની સુનાવણી સુપ્રીમ કોર્ટના ઞત્રૈ ડી.વાય. ચંદ્રચુડની અધ્યક્ષમાં રહેલી બંધારણીય બેંચ દ્વારા કરવામાં આવી હતી.

ફેબ્રુઆરીમાં સુપ્રીમ કોર્ટે ઈલેક ટોરલ બોન્ડને ગેરબંધારણીય ગણાવી તેના પર પ્રતિબંધ મૂકી દીધો હતો. આ કેસની સુનાવણી સુપ્રીમ કોર્ટ ના સીજેઆઈ ડી.વાય. ચંદ્રચુડની અધ્યક્ષમાં રહેલી બંધારણીય બેંચ દ્વારા કરવામાં આવી રહી હતી. સુપ્રીમ કોર્ટે માત્ર ઈલેક્ટોરલ બોન્ડને ગેરકાયદેસર ગણાવ્યા નથી, પરંતુ અત્યાર સુધીમાં કેટલા લોકોએ ચૂંટણી બોન્ડ ખરીદ્યા અને કઈ પાર્ટીઓને દાન આપવામાં આવ્યું છે તેની માહિતી પણ સાર્વજનિક કરવા પણ કહ્યું હતું. સુપ્રીમ કોર્ટે આ માટે એસબીઆઈને ત્રણ અઠવાડિયાનો સમય આપ્યો હતો. સુપ્રીમ કોર્ટ આ મામલે ચાર અરજીઓ પર સુનાવણી કરી રહી હતી. સીજેઆઈ ડી.વાય. ચંદ્રચુડના નેતૃત્વમાં ૫ ન્યાયાધીશોની બંધારણીય બેંચ ગયા વર્ષથી આ કેસની સુનાવણી કરી રહી હતી. કેન્દ્ર સરકારે ૨૯ ઓક્ટોબર ૨૦૨૩ના રોજ સુપ્રીમ કોર્ટમાં સોગંદનામું રજૂ કર્યું હતું.

## અયોધ્યાની જેમ ગુજરાતમાં પણ ભાજપની નક્કી હાર થશે : રાહુલ

**હાલમાં રાહુલ ગાંધી તેના નિવેદનને લઈને ચર્ચા છે. હિન્દુ પર કરેલી ટીપ્પણી બાદ દેશમા તેનો વિરોધ છે તે વચ્ચે તે હાથરસ બાદ ગુજરાત આવ્યા હતા અને કોગ્રેસી કાર્યકરોને સંબોધન સાથે વિવિધ ધટનામાં પિડીતોની વ્યથા સાંભળી હતી ગુજરાતમાં ભાજપને હરાવાનો રાહુલે હુંકાર કર્યો હતો. તો હાથરશ, ગુજરાત બાદ હવે રાહુલ ગાંધી મણિપુરમાં હિંસા બાદની સ્થિતી માટે જશે**

અમદાવાદ, તા.૬

રાહુલ ગાંધી અમદાવાદની મુલાકાતે છે. ત્યારે ૧૦ વર્ષમાં પહેલીવાર ફરી એકવાર કોંગ્રેસ કાર્યાલય ધમધમી ઉઠ્યું છે. કોંગ્રેસ કાર્યકર્તા એક અનોખો જુસ્સો અને ઉત્સાહ જોવા મળી રહ્યો છે. રાહુલ ગાંધી તેમના અમદાવાદ પ્રવાસ દરમિયાન કોંગ્રેસ કાર્યાલય પર થયેલા હુમલામાં ઘાયલ કાર્યકર્તાઓને મળ્યાં હતા. રાહુલ ગાંધીએ કહ્યું કે ભાજપને અમે નફરતથી નહીં પ્રેમથી હરાવીશું. રાહુલે ભાજપને લલકારતાં કહ્યું કે તમારો ફુગ્ગો ફૂટી ગયો છે. અમે ૨૦૧૭માં પણ દમખમથી ચૂંટણી લડ્યા હતા અને આગળ પણ લડીશું.

રાહુલ ગાંધીએ કહ્યું કે અયોધ્યામાં ભાજપે નાગરિકો સાથે મોટો અન્યાય કર્યો છે. એરપોર્ટ માટે ખેડૂતોની જમીન લેવામાં આવી છે. પરંતુ ખેડૂતોને આજ સુધી વળતર મળ્યું નથી. રામ મંદિરની પ્રાણ પ્રતિષ્ઠામાં અયોધ્યાનું કોઇ ન હતું. રામ મંદિરના ઉદઘાટન સમારોહ માં કોઇ ગરીબ જોવા મળ્યું નહી. ભાજપે અયોધ્યા પર રાજકારણ કર્યું. ભાજપે ભગવાન રામનું રાજકારણ કર્યું જેમના ઘર અને દુકાનો તોડવામાં આવી તેમને આજ દિન સુધી વળતર મળ્યું નથી.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી અયોધ્યાથી ચુંટણી લડવા માંગતા હતા. તેના માટે ૩ વખત સર્વે કરાવવામાં આવ્યો હતો પરંતુ આ સર્વે નેગેટિવ આવતાં તેઓ વારાણસી ચૂંટણી લડ્યા. નરેન્દ્ર મોદીની અયોધ્યામાં હાર ફાઇનલ હતી. વારાણસીમાં પણ તેમની પાતળી સરસાઈથી જીત થઈ છે. રાહુલ ગાંધીએ ગુજરાતમાં કોંગ્રેસના કાર્યાલય પર હુમલા વિશે કહ્યું કે જે રીતે એ લોકોએ અમારી ઓફિસો તોડી છે અમે પણ હવે તેમની સરકાર તોડીશું. ગુજરાતમાં એ લોકોને હરાવીને જ ઝંપીશું. રાહુલે કહ્યું કે દેશમાં આઝાદીની લડાઈની શરૂઆત ગુજરાતથી જ થઈ હતી.

રાહુલ ગાંધીએ અમદાવાદના પાલડી ખાતે કોંગ્રેસના કાર્યાલયે સભાને સંબોધતાં કોંગ્રેસી કાર્યકરો નો જુસ્સો વધાર્યો હતો. તેમણે ફરી એકવાર ગુજરાતમાં ભાજપને હરાવવા પર ભાર મૂકતાં કહ્યું કે કોંગ્રેસના કાર્યકરો બબ્બર શેર છે અને તેઓ ચોક્કસ આ વખતે ગુજરાતમાં ભાજપને હરાવશે. રાહુલ ગાંધીએ રામમંદિર મુદ્દે કહ્યું કે રામમંદિરના ઉદઘાટન સમયે પણ કોઈ ગરીબ દેખાયું નહોતું. ફક્ત ધનિકો અને સેલિબ્રિટીઓની લાંબી લાંબી લાઈનો દેખાઈ રહી હતી. અયોધ્યામાં ભાજપની નીતિ નિષ્ફળ રહી અને આ કારણે જ ભાજપ અયોધ્યામાં હાર્યો. ભાજપે ભરપૂર પ્રયાસો કર્યા છતાં I.N.D.I.A. ગઠબંધન અયોધ્યામાં જીતી ગયું. રાહુલે મોદીને પડકારતાં કહ્યું કે ગુજરાતથી જ નવી કોંગ્રેસની શરૂઆત થશે અને અમે અહીં જીતીશું. ગુજરાતની જનતા ડર્યા વિના લડશે તો અમે જીતી જઈશું.

રાહુલ ગાંધીએ કહ્યું કે, કોંગ્રેસ ગુજરાતમાં જીતશે, અને ગુજરાત થી જ નવી પાર્ટી બનશે. કોંગ્રેસ પાર્ટીના સૌથી મોટા નેતા, જેઓએ અમને માર્ગદર્શન આપ્યું હતું. ગુજરાત ના નેતા મહાત્મા ગાંધીએ દેશને કહ્યું હતું કે, ડરો નહિ અને ડરાવો નહિ. આજે કોંગ્રેસ પાર્ટીના વિચાર ગુજરાતથી આવ્યા હતા. હવે અમે તેમને સબક શીખવાડીશું, જેમ તેમણે અમારી ઓફિસ તોડી, તેમ અમે તેમની સરકારને તોડીશું. આ સાથે જ મારી એક ફરિયાદ પણ છે. ગુજરાત કોંગ્રેસમાં કોઈ કમી નથી તેવુ પણ ન કહી શકાય. એક કાર્યકર્તાએ મને કહ્યું કે, રાહુલજી, કોંગ્રેસમાં એક તકલીફ એવી છે કે, બે પ્રકારના ઘોડા હોય છે, એક રેસનો અને બીજો લગ્નનો હોય છે. ક્યારેક કોંગ્રેસ લગ્નના ઘોડા ને રેસમાં અને રેસના ઘોડાને લગ્નમાં દોડાવે છે. કાર્યકર્તાએ મને કહ્યું કે, આ તમે બંધ કરાવો. હવે આ ગુજરાતમાં કરવાનું છે. રેસના ઘોડા ને રેસમાં દોડાવીશું, અને લગ્નના ઘોડાના લગ્નના બારાતમાં નચાવીશું. આ કામ હવે ગંભીરતાથી કરવાનું છે. ગુજરાત ના સીનિયર નેતાઓએ મને કહ્યું કે, ગુજરાતમાં આપણને ૪૦ સીટ મળશે, મેં કહ્યું કે ૪૦ નહિ પણ આપણે ચૂંટણી



જીતીશું. માત્ર ૧૬ સીટથી અમે હાર્યા છીએ. ૩ વર્ષમાં અમે ફિનીશ લાઈન સુધી પહોંચ્યા હતા, ત્રણ વર્ષમાં આપણે આગળી નીકળી જશું. તમે લાઠી ખાધી, માર ખાધો હવે બહુ થયું. નફરતથી નહિ, પરંતુ પ્રેમથી તેમને હરાવીશું. નરેન્દ્ર મોદીના વિઝનનો ગુબ્બારો ફૂટી ગયો છે. નરેન્દ્ર મોદીના નોન બાયોલાજીકલ નો મુદ્દો રાહુલ ગાંધીએ પોતાના સંબોધનમાં ઉઠાવ્યો હતો. તેમણે કહ્યું કે, ગુજરાતની જનતા બાયોલોજીકલ, જનતા બાયોલોજીકલ ખેડૂત અને ગરીબ બાયોલોજીકલ અને મોદી નોન બાયોલોજીકલ છે. જે વ્યક્તિ પોતાને નોન બાયોલોજીકલ અને દેશની જનતાને બાયોલોજીકલ ગણશે એ કઇ રીતે લોકોને સમજી શકશે. નોન બાયોલોજીકલ વ્યક્તિ કઇ રીતે ગુજરાતને આગળ લઇ જશે. લોકસભાની ચુટંણી જેવો જ મેની ફેસ્ટો ગુજરાત માટે બનશે. ગુજરાતને વિઝન આપીશું અને દમ લગાડીને લડીશું.

# FILMY ગપશપ

## સ્ટાર્સનું વળતર દિવસેને દિવસે આકાશને આંબી રહ્યું છે

# શાહરૂખ, સલમાન, પ્રભાસ અને અલ્લુ અર્જુન ઉપરાંત રજનીકાંતને પણ પાછળ છોડ્યા

**મોટા ભાગના કલાકારો આજે લીડ રોલ માટે લગભગ ૧૦૦ કરોડથી પણ વધારે ચાર્જ કરતા હોય છે**

મુંબઈ, તા.૬

કોઈ એક કલાકારની ફી કેટલી હોઈ શકે, પ્રોડ્યુસર્સ અને ડિરેક્ટર્સ એવું માનતાં હોય છે કે, તેમની ફિલ્મમાં સ્ટારને લેવાથી તેમની ફિલ્મનું મૂલ્ય વધી જશે અને તેમનાથી આકર્ષાઈને લોકો ફિલ્મ જોવા માટે આવશે. પરંતુ આ સ્ટારની સ્ટારડમ અને તેની લોકપ્રિયતા ઉપરાંત તેમની અભિનય પ્રતિભા માટે એક કલાકારને લગભગ કેટલી ફી ચૂકવવી યોગ્ય કહેવાય? આ એક એવો પ્રશ્ન છે જે વર્ષોથી ફિલ્મના પ્રોડ્યુસર્સ અને માર્કેટિંગ કરતાં લોકોને સતાવતો રહ્યો છે. છતાં સ્ટાર્સનું વળતર દિવસેને દિવસે આકાશને આંબી રહ્યું છે. મોટા ભાગના કલાકારો આજે લીડ રોલ માટે લગભગ ૧૦૦ કરોડથી પણ વધારે ચાર્જ કરતા હોય છે. જો કેટલાક અહેવાલોનું માનીએ તો કમલ હાસને એક કેમિયો માટે આટલા રૂપિયા ચાર્જ કર્યા છે અને તે દેશના સૌથી વધુ ફી લેતા કલાકાર બની ગયા છે. આમ તો ભારતમાં સૌથી વધુ ફી વસૂલતા કલાકાર કોણ છે તે જાણવાના ઘણા વિકલ્પો છે, તે શાહરૂખ પણ હોઈ શકે, જેણે ગયા વર્ષે ત્રણ ફિલ્મોમાંથી ૫૦૦ કરોડની કમાણી કરી છે. રજનીકાંત જેણે 'જેલર'ની સફળતામાંથી એક જ ફિલ્મમાંથી ૨૫૦ કરોડની કમાણી કરી. પરંતુ તે કમલ હસન એટલા મટે હોઈ શકે કારણ કે, તેણે 'કલ્કિ ૨૮૯૮ એડી'માં ૧૦ મિનિટના કેમિયો માટે ૧૦૦




કરોડ વસૂલ્યા હોવાના અહેવાલો છે. તે આ ફિલ્મમાં વિલનના રોલમાં છે, તેમજ તેમનું પાત્ર ફિલ્મના બીજા ભાગમાં પણ જોવા મળશે. એક સૂત્રના જણાવ્યા અનુસાર, "પ્રભાસ અને કમલ હસન બંનેને ૧૦૦ કરોડ ચૂકવાયા છે. આ ફિલ્મમાં કમલ હસનનો રોલ દસ મિનિટનો જ છે, પરંતુ બની શકે તે બીજા ભાગમાં તેનો રોલ લાંબો હોય." જો આ અહેવાલો સાચાં હોય તો કમલ હાસને કલ્કિમાં દસ મિનિટના કેમિયો માટે પ્રતિ મિનિટ દસ કરોડ વસૂલ્યા ગણાય. જોકે, ૨૦૨૩માં ટ્રેડ એનાલિસ્ટ મનોબાલા વિજયાબાલને ટ્વીટ કર્યું હતું કે, કમલ હસને કલ્કિના તેના કેમિયો માટે ૨૦ કરોડ લીધા છે, જ્યારે આ ફિલ્મ માટે પ્રભાસે ૮૦ કરોડ ફી લીધી હતી. કમલ હસને ફિલ્મના બંને ભાગ માટે થઈને કુલ ૧૦૦ કરોડ ફી નક્કી કરી હોય તેવી શક્યતા પણ નકારી શકાય નહીં.

## વરુણ ધવનની ફિલ્મ 'બેબી જહોન'માં સલમાનનો કેમિયો હશે

મુંબઈ, તા.૬

સલમાન અને એટલી સાથે કામ કરે તેના માટે બંનેના ફેન્સ ઘણા લાંબા સમયથી રાહ જોતા હતાં, હવે અંતે તેઓ બંને સાથે કામ કરી રહ્યા છે, પંરતુ કદાચ એ રીતે નહીં જેની ઓડિયન્સને અપેક્ષા હતી.

આ સુપરસ્ટાર અને સુપર ડિરેક્ટરની જોડી ટૂંકા સમયના પ્રોજેક્ટ માટે એકસાથે આવી રહી છે, જે 'બેબી જહોન'માં વરુણ ધવન લીડ રોલમાં હશે. આ ફિલ્મ અને સલમાનના રોલ વિશે વધુ માહિતી બહાર પાડવામાં આવી નથી, પરંતુ એટલું ચોક્કસ છે કે સલમાન ખાનને જે રોલ આપવામાં આવ્યો છે, તેના માટે તે રાજી થઈ ગયો છે. 'જુડવા ૨' અને 'અંતિમ'માં કામ કર્યા પછી તેમને ફરી એક સાથે જોવા માટે ઓડિયન્સ ઉત્સુક છે. સલમાને હજુ આ ફિલ્મ માટે શૂટ શરૂ કર્યુ નથી પરંતુ તે વરુણ સાથે એક ગંભીર એક્શન સીક્વન્સના સીનમાં જોવા મળે તેવી આશા છે. સલમાન ખાન તેના માટેનું શૂટ ઓગસ્ટમાં કરે તેવી ગણતરી છે પરંતુ બધું જ વરસાદની મોસમ અને વાતાવરણ પર




આધાર રાખે છે.

ગયા મહિને સલમાન અને એટલી સાથે કામ કરશે તે અંગે ઘણા અહેવાલો સામે આવ્યા હતા, તેમજ એક સૂત્રએ તો ખાતરી આપી હતી કે એટલીના સન પિક્ચર્સ અને રજનીકાંતને ઘર જેવા સંબંધ છે અને આ ફિલ્મમાં રજનીકાંત અને કમલ હાસન એક સાથે જોવા મળશે. તેમજ અટલી બે વર્ષથી સલમાનના સંપર્કમાં છે. તેથી તે સલમાન ખાન અને રજનીકાંત બંનેને એક સાથે કામ કરવા માટે રાજી કરી જ લેશે. 'બેબી જોહ્ન'માં વરુણ અને સલમાન ઉપરાંત વામિકા ગબ્બી, કિર્તિ સુરેશ અને જેકી શ્રોફ પણ છે. આ થલપતી વિજયની અટલીએ પ્રોડ્યુસ કરેલી ફિલ્મ 'ઠેરી(૨૦૧૬)'ની રિમેક છે.આ ફિલ્મ કાલી દ્વારા ડિરેક્ટ કરવામાં આવી હતી. પહેલાં આ ફિલ્મ જૂનમાં રિલીઝ થવાની હતી.



સોશિયલ મીડિયા ઈન્ફ્લૂએન્સર કુશા કપિલા દરેક લૂકમાં ખૂબ જ સુંદર લાગે છે. અભિનેત્રીએ નવા લૂકમાં શાનદાર ફોટોશૂટ કરાવ્યું છે.કુશા કપિલા રેડ લૂકમાં ખૂબ જ શાનદાર પોઝ આપતી જોવા મળી છે. નવા લૂકે ચાહકોને દિવાના બનાવ્યા છે.રેડ કલરના બોડીકોન લૂકમાં કુશા પોઝ આપતી જોવા મળે છે.




સાઉથ ફિલ્મ એક્ટ્રેસ રાય લક્ષ્મી તેના ગ્લેમરસ અંદાજને લઈ સોશિયલ મીડિયામાં બિકિની લૂકમાં ખૂબ જ શાનદાર તસવીરો શેર કરી છે.રાય લક્ષ્મી બિકિની લૂકમાં ખૂબ જ શાનદાર પોઝ આપતી જોવા મળી રહી છે.રાય લક્ષ્મી સાઉથ ઈન્ડસ્ટ્રીની જાણીતી એક્ટ્રેસ છે. હોટ તસવીરો શેર કરી ચર્ચામાં રહે છે.

## હોરર ભોજપુરી ફિલ્મ 'ભૂત'નું ટીઝર રીલીઝ થયું

મુંબઈ, તા.૬

મડાઝ મૂવીઝ અને વર્લ્ડ વાઈડ પ્રોડક્શન દ્વારા પ્રસ્તુત નવી ફિલ્મ દર્શકોને ડરાવવા માટે આવી રહી છે, જેનું નિર્માણ પ્રદીપ સિંહ, સમીર આફતાબ અને પ્રતીક સિંહ દ્વારા કરવામાં આવ્યું છે. આ નવી હોરર ફિલ્મનું નામ છે 'ભૂત' અને ફિલ્મના ફર્સ્ટ લૂકનું ટીઝર આઉટ થયા બાદ તે સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ રહ્યું છે. ફિલ્મનું ટીઝર ભોજપુરી સિનેમાના દર્શકોમાં ઉત્સુકતા વધારી રહ્યું છે. તે જ સમયે, ફિલ્મના નિર્માતા પ્રદીપ સિંહે કહ્યું કે ફિલ્મનું ટ્રેલર ૯ જુલાઈએ રિલીઝ થશે, જે ટીઝર કરતાં પણ વધુ ધમાકેદાર હશે. તેમણે કહ્યું કે 'ભૂત' એક ભયાનક વાર્તા છે જે એક જૂની હવેલીના રહસ્યો અને ત્યાં હાજર આત્માઓની આસપાસ ફરે છે. ફિલ્મમાં રોમાંચ, સસ્પેન્સ અને હોરર સાથે કેટલાક રસપ્રદ ટ્વિસ્ટ પણ જોવા મળશે. તેમણે કહ્યું કે આ નવી હોરર ફિલ્મ "ભૂત" માં પ્રખ્યાત અભિનેત્રી રીતુ સિંહ ભૂતની ભૂમિકામાં જોવા મળશે, જ્યારે અભિનેતા વિક્રાંત સિંહ રાજપૂત આ ફિલ્મમાં એક અનોખા પાત્રમાં જોવા મળશે. આ ફિલ્મમાં વિક્રાંત સિંહ રાજપૂત અને રિતુ સિંહ સાથે પ્રિયંકા સિંહ પણ જોવા મળશે. ફિલ્મ "ભૂત" પ્રખ્યાત અભિનેતા અવધેશ મિશ્રાએ નિર્દેશિત કરી છે અને લખી છે. ટીઝરમાં દેખાડવામાં આવેલા ડરામણા દ્રશ્યો અને સસ્પેન્સે દર્શકોને ફિલ્મ પ્રત્યે વધુ ઉત્સુક બનાવી દીધા છે. ફિલ્મ અંગે વિક્રાંત સિંહ રાજપૂતે જણાવ્યું હતું કે આ ફિલ્મ દર્શકોને એક નવો અને રોમાંચક હોરર અનુભવ આપશે. તેણે ફિલ્મની વાર્તા અને દૃશ્યોને પ્રેક્ષકો સાથે સંલગ્ન રાખવા અને તેમને વાસ્તવિક હોરર અનુભવ આપવાનો શ્રેષ્ઠ પ્રયાસ કર્યો છે.ફિલ્મના પીઆરઓ રંજન સિન્હાએ કહ્યું કે ટીઝર રિલીઝ થતાંની સાથે જ સોશિયલ મીડિયા પર ફેન્સ તરફથી રિસ્પોન્સ આવવા લાગ્યા. ઘણા દર્શકોએ ટીઝરની





પ્રશંસા કરી છે અને ફિલ્મને મોટી હિટ પણ ગણાવી છે. ફિલ્મ 'ભૂત'ની રિલીઝ ડેટ ટૂંક સમયમાં જાહેર કરવામાં આવશે. દર્શકો ટ્રેલરની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે અને આ ભયાનક યાત્રા માટે તૈયાર થઈ રહ્યા છે. ફિલ્મના સુંદર ગીતોના ગાયક અમન શ્લોક છે.

## હિના ખાન એવોર્ડ શોમાંથી સીધી હોસ્પિટલ કીમોથેરાપી લેવા પહોંચી




મુંબઈ, તા.૬

યે રિશ્તા ક્યા કહેલાતા હૈમાં અક્ષરના રોલથી ઘર ઘરમાં ફેમસ થયેલી હિના ખાન હાલમાં ખુબ મુશ્કેલિમાં જોવા મળી રહી છે. અભિનેત્રી હિના ખાન સાથે એવું થયું છે જેનાથી તેના ચાહકો દુખી છે. અભિનેત્રીએ ખુલાસો કર્યો કે, તેને બ્રેસ્ટ કેન્સર થયું છે. આ જાણ્યા બાદ સૌ કોઈ હેરાન જોવા મળી રહ્યા છે. ત્રીજા સ્ટેજમાં કેન્સર સામે ઝઝુમી રહેલી અભિનેત્રી હાલમાં એક વીડિયો શેર કર્યો છે અને પોતાનું હેલ્થ અપટેડ પણ આપ્યું છે. આ મુશ્કેલ પરિસ્થિતિમાં પણ અભિનેત્રી પોઝિટિવ જોવા મળી રહી છે.આ બધું તેના વીડિયોમાં જોવા મળી રહ્યું છે. હાલમાં તેમણે તેની પ્રથમ કીમોથેરાપી બાદનો વીડિયો શેર કર્યો છે અને તેમણે વીડિયો શેર કરતા કહ્યું કે, તે પોતાને કઈ રીતે મોટિવેટ કરી રહી છે અને હોસ્પિટલ પહોંચી. તેની આખી જર્નીનો વીડિયો સામે આવ્યો છે.હિના ખાન એવોર્ડ શોથી સીધી હોસ્પિટલ પહોંચવાનો વીડિયો સામે આવ્યો છે. જેમાં તેની હિંમત પણ સખત જોવા મળી રહીછે, સ્માઈલ સાથે હોસ્પિટલમાં દાખલ પણ થઈ હતી. આ વીડિયો શેર કરતા હિના ખાને એક લાંબું કેપ્શન પણ લખ્યું છે.



ભૂમિકા હાલમાં તેના ગ્લેમરસ ફોટોશૂટના કારણે સોશિયલ મીડિયામાં ચર્ચામાં છે. અભિનેત્રીએ સ્ટાઈલિશ લૂકમાં ખૂબ જ શાનદાર ફોટોશૂટ કરાવ્યું છે.નવા ફોટોશૂટમાં ભૂમિકા ગુરંગ ખૂબ જ સ્ટાઈલિશ લૂકમાં પોઝ આપતી જોવા મળે છે.



બોલીવૂડ અભિનેત્રી અને બિગબોસ એક્સ સ્પર્ધક નિતિભા કૌલ તેની હોટ તસવીરોને લઈ સતત ચર્ચામાં રહેતી હોય છે.દરિયાકાંઠે બ્લેક બિકિની લૂકમાં નિતિભા કૌલે અલગ-અલગ અંદાજમાં ગ્લેમરસ પોઝ આપ્યા છે.

**ફિલ્મના મોટા મુદ્દાઓ હવે ભાગ ૨ માં જાહેર કરવામાં આવશે**

## કમલ હાસન 'કલ્કી ૨૮૯૮ એડી'ની સિક્વલમાં પ્રભાસ-અમિતાભ સાથે લડશે

મુંબઈ, તા.૬

પ્રભાસ સ્ટારર 'કલ્કી ૨૮૯૮ એડી' પહેલા દિવસથી જ થિયેટરોમાં દર્શકોની ફેવરિટ ફિલ્મ બની ગઈ છે. પહેલા વીકેન્ડમાં આ ફિલ્મ માટે ઈચ્છિત શોમાં સીટ મેળવવી મુશ્કેલ હતી. વિજ્ઞાન-કથાની દુનિયામાં પૌરાણિક કથાઓનું આ સંયોજન લોકોને ખૂબ પ્રભાવિત કરી રહ્યું છે. અને પ્રભાસની સાથે અમિતાભ બચ્ચન, દીપિકા પાદુકોણ અને કમલ હાસન જેવા શક્તિશાળી કલાકારોનું શાનદાર પ્રદર્શન લોકોનું ધ્યાન આકર્ષિત કરી રહ્યું છે.'કલ્કી ૨૮૯૮ એડી' જોયા બાદ હવે દર્શકો તેની સિક્વલ માટે તૈયાર થઈ રહ્યા છે. ફિલ્મની વાર્તામાં, જે બાળકના આગમન પર વિશ્વનું ભવિષ્ય નિર્ભર છે તે બાળકનો જન્મ થવાનો બાકી છે. પ્રથમ ફિલ્મ જેણે લોકોને પ્રભાવિત કર્યા તે માત્ર એક બિલ્ડ-અપ હતી અને ફિલ્મના મોટા મુદ્દાઓ હવે આગામી ભાગોમાં જાહેર કરવામાં આવશે. હવે 'કલ્કી ૨૮૯૮ એડી'ના ડિરેક્ટર નાગ અશ્વિને સિક્વલને લઈને એક મોટું અપડેટ શેર કર્યુ છે, જે ખૂબ જ રોમાંચક છે.વેરાયટીને આપેલા એક ઈન્ટરવ્યુમાં નાગ અશ્વિને તેની ફિલ્મની સિક્વલ વિશે જણાવ્યું કે તેણે બીજા ભાગ માટે ૨૫-૩૦ દિવસનું શૂટિંગ કરી લીધું છે. તેણે કહ્યું, 'પણ હજુ ઘણી કાર્યવાહી બાકી છે. તે લગભગ સંપૂર્ણપણે નવું ઉત્પાદન શરૂ કરવા જેવું છે. આપણે (વાર્તામાં) જે કંઈ છૂટક છેડા કે ખૂણાઓ બાકી રાખ્યા છે, તે બધા પૂરા કરવાના છે. દેખીતી રીતે, સૌથી મોટી બાબત આ ત્રણેય પાત્રો વચ્ચે સામ-સામે હશે. યાસ્કીન જે હવે ગાંડીવ (અર્જુનનું ધનુષ્ય) ઉપાડી શકે છે અને આ બે મહાન યોદ્ધાઓ કર્ણ અને અશ્વત્થામા સામે સૌથી શક્તિશાળી શસ્ત્ર છે.''કલ્કી ૨૮૯૮ એડી' વિશે વાત કરતાં અશ્વિને કહ્યું, 'સાચું કહું તો, જ્યારે અમે શરૂઆત કરી ત્યારે અમારામાંથી કોઈને ખબર ન હતી કે અમે શું હાંસલ કરવાનો પ્રયાસ કરી રહ્યા છીએ. જ્યારે અમે આ કરવાનું શરૂ કર્યુ અને ડિઝાઈનને અધિકૃત બનાવી, આ પ્રકારની એક્શન સિક્વન્સ હાંસલ કરવાનો પ્રયાસ કર્યો, ત્યારે અમને (ફિલ્મની) દુનિયા અને તેની જટિલતાઓનો અહેસાસ થયો. અમે બધું આ વિચાર સાથે શરૂ કર્યુ કે અમે બધું ભારતમાં જ કરીશું.

# SPORTS કોર્નર

## ચેમ્પિયન્સ ટ્રોફી ૨૦૨૫ માટે પાકિસ્તાન નહીં જાય ભારતીય ટીમઃ સુત્રો

નવીદિલ્હી,તા.૬

ટી ટવેન્ટી વિશ્વકપ બાદ હવે ચેમ્પિયન્સ ટ્રોફી સાથે જોડાયેલી એક મોટી અપડેટ સામે આવી છે. સુત્રોના જણાવ્યા ભારતીય ટીમ પાકિસ્તાન પ્રવાસે નહીં જાય. જો કે આ અંગેનો અંતિમ નિર્ણય ભારત સરકારે જ લેવાનો છે. પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ દ્વારા આઈસીસીને સુપરત કરાયેલા ડ્રાફ્ટમાં તેણે ભારતની તમામ મેચો લાહોરમાં આયોજિત કરવાનો પ્રસ્તાવ મૂક્યો છે. આ સમગ્ર મામલાની જાણકારી ધરાવતા એક સૂત્રએ કહ્યું, 'જુઓ, અમે હજુ સુધી ચેમ્પિયન વિશે કોઈ ચર્ચા કરી નથી, પરંતુ મને લાગે છે કે ભારતીય ટીમ પાકિસ્તાનનો પ્રવાસ કરે તેવી શક્યતા ઓછી છે.

જો કે આ અંગેનો અંતિમ નિર્ણય ભારત સરકાર દ્વારા લેવામાં આવશે. આ મહિને શ્રીલંકામાં યોજાનારી આઈસીસી ની બેઠકમા પીસીબી ચોક્કસપણે આ મામલો ઉઠાવશે. સૂત્રએ કહ્યું, 'અમે હજુ સુધી આ અંગે ચર્ચા કરી નથી, સરકાર જે પણ નિર્ણય લેશે તેનું પાલન કરવામાં આવશે. આ આઈસીસી ઈવેન્ટ છે, અમે આ અંગે નિર્ણય લઈ શકતા નથી. આઈસીસીની આગામી બેઠકમાં આ અંગે કેટલીક માહિતી બહાર આવી શકે છે. તમને જણાવી દઈએ કે પાકિસ્તાને ગયા વર્ષે એશિયા કપની પણ યજમાની કરી હતી. પરંતુ ત્યારપછી બીસીસીઆઈએ પોતાની ટીમ પાકિસ્તાન મોકલવાનો ઈંકાર કરી દીધો હતો. આ પછી પીસીબીને એશિયા કપ 'હાઈબ્રિડ મોડલ' હેઠળ કરાવવાની ફરજ પડી હતી. હવે પાકિસ્તાનને ડર છે કે એશિયા કપ ૨૦૨૩ની જેમ આ ટૂર્નામેન્ટ પણ 'હાઈબ્રિડ મોડલ' હેઠળ યોજવી પડી શકે છે.

જો ભારતીય ટીમ પાકિસ્તાનનો પ્રવાસ નહીં કરે તો ચેમ્પિયન્સ ટ્રોફીમાં ભારતની મેચો યુએઈ અથવા શ્રીલંકામાં શિફ્ટ થઈ શકે છે. આઈસીસી બોર્ડની બેઠકોમાં, દરેક સભ્ય પોતાનો મુદ્દો ઉઠાવી શકે છે કે જેના પર મતદાન થાય છે. પરંતુ જો સભ્ય દેશની સરકાર કહે છે કે તેઓ ત્યાં રમી શકતા નથી તો આઈસીસીએ વિકલ્પો શોધવા પડશે. ગયા વર્ષે એશિયા કપ દરમિયાન બીસીસીઆઈ પ્રમુખ રોજર બિન્ની અને ઉપાધ્યક્ષ રાજીવ શુક્લા પાકિસ્તાન ગયા હતા. આઈસીસી વનડે વર્લ્ડ કપ રમવા માટે પાકિસ્તાનની ટીમ પણ ભારત આવી હતી.

હાલમાં જ ભારતીય ડેવિસ ટીમ પાકિસ્તાનના પ્રવાસે ગઈ હતી. ભારતીય ટેનિસ ટીમને પાકિસ્તાનના પ્રવાસે જવાની લીલી ઝંડી મળી ગઈ હતી, ત્યારબાદ ટીમ ઈન્ડિયાએ પણ સરહદ પાર કરવાની અટકળો શરૂ થઈ ગઈ હતી.

ભારતીય ટીમે છેલ્લે ૨૦૦૮માં પાકિસ્તાનનો પ્રવાસ કર્યો હતો. ત્યારપછી મહેન્દ્ર સિંહ ધોનીની કપ્તાનીમાં ભારતીય ટીમ પાકિસ્તાન પ્રવાસ પર એશિયા કપ રમી હતી. ત્યારબાદ ટીમ ઈન્ડિયા ફાઈનલમાં પહોંચી, જ્યાં શ્રીલંકા ના હાથે ૧૦૦ રને હાર થઈ.

## ટી૨૦ વર્લ્ડકપ વિજેતા ક્રિકેટરોના 'ભાવ' ઉંચકાયા, હાલ ૮૯ બ્રાન્ડ સાથે કરાર

(એ.આર.એલ),મુંબઈ,તા.૬

ટી૨૦ વર્લ્ડકપમાં વિશ્વ ચેમ્પીયન બનીને ભારતીય ટીમે ક્રિકેટ જગતમાં ડંકો વગાડી દીધો છે. ૧૭ વર્ષે ટાઈટલ જીતનારી ભારતીય ટીમ પર ધનવર્ષા થઈ જ છે. હવે સાથોસાથ ટોચના ખેલાડીઓની બ્રાન્ડ વેલ્યુમાં પણ ૧૫થી૨૦ ટકા જેવો તગડો વધારો થવાનો અંદાજ મુકવામાં આવી રહ્યો છે એટલું જ નહીં, ચાર્જ-ફીના વાંકે કંપનીઓ અને ખેલાડીઓ વચ્ચે અટકેલા કરાર પણ ઝડપથી આગળ વધવાનું માનવામાં આવી રહ્યું છે. ભારતની ટોચની સ્પોર્ટસ માર્કેટીંગ એજન્સી 'રાઈઝ વર્લ્ડવાઈડ'ના વડા નીખીલ બરડીયાએ કહ્યું કે, ટી૨૦ વર્લ્ડકપ પુર્વે રોહિત શર્મા, જસપ્રીત બુમરાહ, સૂર્યકુમાર યાદવ, હાર્દિક પંડયાએ ૧૦ કંપનીઓ સાથે કરાર કર્યા હતા. હવે ભારતીય ટીમ ચેમ્પીયન બની છે અને આ ખેલાડીઓનો તેમાં મહત્વનો રોલ રહ્યો હતો ત્યારે વધુ કંપનીઓ તેમને બ્રાન્ડ એમ્બેસેડર બનાવવા લાઈન લગાવે તેવી શકયતા છે. આ ચારેય ક્રિકેટરો ૩૫થી૪૦ કેટેગરીની ૮૯ બ્રાન્ડ સાથે કરાર ધરાવે જ છે. ઓડિયો, ફેશન, ન્યુટ્રીશન, ઈુંસ્યોરન્સ, ઓટોમોબાઈલ, હોમ ડેકોર, ફીટનેસ જેવા ક્ષેત્રોની બ્રાન્ડ એપ પર ફોકસ છે. હવે તેઓ ચેમ્પીયન બન્યા હોવાથી વધુ કંપનીઓ તેમને કરારબદ્ધ કરવા આગળ આવે તેમ છે. ઉદ્યોગસૂત્રોના કહેવા પ્રમાણે રોહિત શર્મા અને વિરાટ કોહલી દરેક ડીલ દીઠ રૂા.૩.૫૦ કરોડથી સાત કરોડ સુધીનો ચાર્જ લ્યે છે. જયારે બુમરાહ, સુર્યકુમાર તથા હાર્દિક પંડયાનો ચાર્જ ૨થી૩ કરોડનો છે. ભારતમાં ક્રિકેટ કે ક્રિકેટરનો મોહ કયારેય ઓછો નથી ક્રિકેટ બારમાસી બની ગયુ છે. ઉપરાંત હવે દર વર્ષે આઈસીસી ટુર્નામેન્ટ પણ યોજાય છે. દર વર્ષે આઈપીએલ પણ રમાય જ છે એટલે કંપનીઓને આખુ વર્ષ ક્રિકેટરના પ્રમોશનનો લાભ મળતો રહે છે. વેલ્યુએશન એડવાઈઝરી સર્વિસ ક્રોલના મેનેજીંગ ડાયરેકટર અવિરલ જૈને કહ્યુ કે, આઈસીસી ઈવેન્ટમાં વર્ષો બાદ ભારતને જીત મળી હોવાથી નવી બ્રાન્ડ સાથે કરાર કરવા ક્રિકેટરોને સુવર્ણતક મળી ગઈ છે. બ્રાન્ડ વેલ્યુમાં બે આંકડામાં વધારો થવાનુ અનુમાન છે. એન્ડોર્સમેન્ટ ફીમાં પણ વધારો શકય છે.

## ટી ૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬ ભારત-શ્રીલંકાના સંયુક્ત યજમાનપદ હેઠળ યોજાશે

નવીદિલ્હી,તા.૬

રોહિત શર્માની કેપ્ટન્સીમાં ભારતીય ટીમે ૨૯ જૂને ઈતિહાસ રચ્યો હતો. ટી ૨૦ વર્લ્ડ કપ ૨૦૨૪ની ફાઈનલમાં દક્ષિણ આફ્રિકાને હરાવીને બીજી વખત ટાઈટલ જીત્યું હતું. આ પહેલા ભારતીય ટીમે ૨૦૦૭માં ટી ૨૦ વર્લ્ડ કપનો ખિતાબ જીત્યો હતો. પરંતુ ચાહકો માટે વધુ એક સારા સમાચાર છે. વાસ્તવમાં, આગામી ટી ૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬ ભારત અને શ્રીલંકા દ્વારા સંયુક્ત રીતે રમાશે. આવી સ્થિતિમાં ભારતીય ટીમ પાસે આગલી વખતે પણ ટ્રોફી જીતવાની સુવર્ણ તક હશે. આ વખતની જેમ આગામી સિઝનમાં પણ ૨૦ ટીમો ભાગ લેશે અને કુલ ૫૫ મેચો રમાશે. આગામી વર્લ્ડ કપ સિઝન પણ ૨૦૨૪ જેવી હશે. તેનું ફોર્મેટ પણ એ જ રહેશે. આગલી વખતે પણ ૫ ટીમોના ૪ ગ્રુપ હશે. દરેક ગ્રુપ માંથી ૨-૨ ટીમ સુપર-૮માં પ્રવેશ કરશે. આ પછી સેમિ-ફાઈનલ અને ફાઈનલ મેચો રમાશે. ૨૦૨૬ ટી ૨૦ વર્લ્ડ કપ માટે ૧૨ ટીમો નક્કી થઈ ચૂકી છે. હવે માત્ર ૮ ટીમો બાકી છે. આગામી દોઢ વર્ષમાં આ ૮ જગ્યાઓ માટે ક્વોલિફિકેશન ટુર્નામેન્ટ રમાશે. યજમાન હોવાના કારણે ભારતીય ટીમ અને શ્રીલંકાને સીધી એન્ટ્રી મળી છે. જ્યારે બાકીની ૧૦ ટીમોને ટી ૨૦ વર્લ્ડ કપ ૨૦૨૪ સુપર-૮ રાઉન્ડમાંથી લેવામાં આવી છે (ભારત સિવાય). આ ટીમો અફઘાનિસ્તાન, ઓસ્ટ્રેલિયા, બાંગ્લાદેશ, ઈંગ્લેન્ડ, દક્ષિણ આફ્રિકા, અમેરિકા અને વેસ્ટ ઈન્ડિઝ છે. આ રીતે કુલ ૯ ટીમો છે. જ્યારે બાકીની ૩ ટીમો ૩૦ જૂન સુધી આઈસીસી ટી ૨૦ ટીમ રેંકિંગ દ્વારા ભરવામાં આવી છે. પાકિસ્તાન, ન્યુઝીલેન્ડ અને આયર્લેન્ડ સુપર-૮ માં જઈ શક્યા નથી. પરંતુ ટી ૨૦ રેંકિંગમાં તેમની સારી સ્થિતિને કારણે આ ત્રણેય ટીમોએ ૨૦૨૬ ટી ૨૦ વર્લ્ડ કપમાં પણ જગ્યા બનાવી લીધી છે. પાકિસ્તાન સાતમા સ્થાને, ન્યુઝીલેન્ડ છઠ્ઠા અને આયર્લેન્ડ ૧૧મા સ્થાને છે. ૧૨ ટીમોની સીધી એન્ટ્રી બાદ ૮ ટીમોની જગ્યા ખાલી રહેશે. આ માટે અલગ ક્વોલિફિકેશન ટુર્નામેન્ટ હશે. ટોચ પર રહેનારી ટીમોને ટી ૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬ની સિઝન માટે ટિકિટ મળશે. આ ક્વોલિફિકેશન ટુર્નામેન્ટ આફ્રિકા, એશિયા, યુરોપ, અમેરિકા અને પૂર્વ એશિયા-પેસિફિક ક્ષેત્ર માટે હશે. આફ્રિકા, એશિયા અને યુરોપમાંથી બે-બે ટીમો પસંદ કરવામાં આવશે, જ્યારે બાકીના બે પ્રદેશો માંથી એક-એક ટીમ આવશે. આફ્રિકા ખંડઃ ઝિમ્બાબ્વે, નામિબિયા, યુગાન્ડા, કેન્યા, નાઈજીરિયા, તાન્ઝાનિયા જેવી ટીમો બે સ્થાન માટે દાવેદાર હશે. યુગાન્ડા અને નામિબિયાએ ટી૨૦ વર્લ્ડ કપ ૨૦૨૪ માટે ક્વોલિફાય કર્યું હતું. એશિયાઃ નેપાળ, ઓમાન, યુએઈ, બહેરીન, કુવૈત, હોંગકોંગ, મલેશિયા, કતાર પણ અહીં બે જગ્યાઓ માટે દાવો કરશે. જ્યારે નેપાળ અને ઓમાન ૨૦૨૪ના ટી ૨૦ વર્લ્ડ કપ માટે ક્વોલિફાય થયા હતા.

યુરોપઃ નેધરલેન્ડ અને સ્કોટલેન્ડ ૨૦૨૪ સીઝનમાં યુરોપમાંથી ક્વોલિફાય થયા હતા. આગલી વખતે પણ બંને દાવેદાર છે, પરંતુ તેઓને ઈટાલી, જર્સી, જર્મની, ડેનમાર્ક અને સ્પેન તરફથી સખત સ્પર્ધાનો સામનો કરવો પડશે.

### દરરોજ HIVના લગભગ પાંચથી સાત નવા કેસ

# ત્રિપુરામાં એચઆઈવીથી ૪૭ વિદ્યાર્થીનાં મોતથી હડકંપ, દરરોજ ૫થી ૭ નવા કેસ

## ત્રિપુરા સ્ટેટ એઈડ્સ કંટ્રોલ સોસાયટીએ આપી માહિતી

અગરતલ્લા,તા.૬

ત્રિપુરામાં એચઆઈવીથી ૪૭ વિદ્યાર્થીઓના મોત થયા છે અને અત્યાર સુધીમાં અહીં ૮૨૮ વિદ્યાર્થીઓ એચઆઈવી પોઝિટિવ છે. આ માહિતી ત્રિપુરા સ્ટેટ એઈડ્સ કંટ્રોલ સોસાયટીના અધિકારીએ આપી હતી. તેમણે જાણાવ્યું હતું કે, '૮૨૮ એચઆઈવી પોઝિટિવ વિદ્યાર્થીઓમાંથી ૫૭૨ હજુ જીવિત છે. જ્યારે અન્ય વિદ્યાર્થીઓ ઉચ્ચ અભ્યાસ માટે ત્રિપુરાની બહાર ગયા છે. ત્રિપુરા એઈડ્સ કંટ્રોલ સોસાયટીએ ૨૨૦ શાળાઓ અને ૨૪ કોલેજો અને યુનિવર્સિટીઓના વિદ્યાર્થીઓની તપાસ કરી હતી, જેઓ ડ્રગ્સનું ઈન્જેક્શન લેતા હતા. તાજેતરના ડેટા દર્શાવે છે કે દરરોજ એચઆઈવીના લગભગ પાંચથી સાત નવા કેસ નોંધાઈ રહ્યા છે. ત્રિપુરામાં સક્રિય કેસની કુલ સંખ્યા ૫૨ ટીએસએસીએસ અધિકારીએ જણાવ્યું હતું કે,'મે ૨૦૨૪ સુધીમાં, અમે એન્ટિરેટ્રોવાયરલ થેરાપી કેન્દ્રોમાં ૮,૭૨૯ લોકોની નોંધણી કરી છે.એચઆઈવી સાથે જીવતા લોકોની કુલ સંખ્યા ૫,૬૭૪ છે. તેમાંથી ૪,૫૭૦ પુરુષો છે, જ્યારે ૧,૧૦૩ મહિલાઓ છે. આ દર્દીઓમાંથી માત્ર એક જ ટ્રાન્સજેન્ડર છે.' નોંધનીય છે કે, યુવાનોમાં એચઆઈવીના કેસ વધવાનું કારણ ડ્રગ્સ છે.

મોટા ભાગના કિસ્સાઓમાં સમૃદ્ધ પરિવારોના બાળકો એચઆઈવીથી સંક્રમિત જોવા મળે છે. એવા પરિવારો પણ છે જ્યાં માતા-પિતા બંને સરકારી નોકરીમાં છે.

# ધો.૧૦ અને ૧૨ ની પરીક્ષા માર્ચના બદલે ફેબ્રુઆરીમાં શરૂ કરવાનું નકકી કરાયું

### ગુજરાત શિક્ષણ બોર્ડ શૈક્ષણીક વર્ષ ૨૦૨૪-૨૫ નું એકેડેમીક કેલેન્ડર જાહેર કરાયું

ગાંધીનગર,તા.૬

ગુજરાત શિક્ષણ બોર્ડ શૈક્ષણીક વર્ષ ૨૦૨૪-૨૫ નું એકેડેમીક કેલેન્ડર જાહેર કરાયું છે. જે અનુસાર ૨૦૨૫ ની બોર્ડની ધો.૧૦ અને ૧૨ ની પરીક્ષા માર્ચના બદલે ફેબ્રુઆરીમાં શરૂ કરવાનું નકકી કરાયું છે. બોર્ડની ધો.૧૦ અને ૧૨ ની પરીક્ષા ૨૭ ફેબ્રૂઆરીથી શરૂ કરવામાં આવશે અને ૧૩ માર્ચના રોજ પૂર્ણ થશે. આ ઉપરાંત વર્ષ દરમ્યાન ૨૩૭ દિવસનો અભ્યાસ કરાવાશે. પ્રથમ શૈક્ષણીક સત્ર ૨૭ ઓકટોબર સુધી ચાલશે. ત્યારબાદ ૨૮ ઓકટોબરથી ૨૧ દિવસના દિવાળી વેકેશનનો પ્રારંભ થશે. પ્રથમ સત્રમાં ધો.૯ થી ૧૨ પ્રથમ પરીક્ષા ૧૪ ઓકટોબરથી લેવામાં આવશે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા શૈક્ષણીક વર્ષ ૨૦૨૪-૨૫ નું એકેડેમીક કેલેન્ડર જાહેર કરવામાં આવ્યું છે. બોર્ડ દ્વારા જાહેર કરાયેલા એકેડેમીક કેલેન્ડર અનુસાર પ્રથમ શૈક્ષણીક સત્રનો ૧૩ જુનથી પ્રારંભ થયો છે. અને ૨૭ ઓકટોબર સુધી ચાલનારા પ્રથમ સત્રમાં ૧૦૮ દિવસનો અભ્યાસ કરાવવામાં આવશે. ૨૮ ઓકટોબરથી ૧૭ નવેમ્બર સુધી ૨૧ દિવસનું દિવાળી વેકેશન જાહેર કરવામાં આવ્યું છે. ત્યારબાર ૧૮ નવેમ્બરથી દ્વિતિય સત્રમાં ૧૩૫ દિવસનો અભ્યાસ કરાવવામાં આવશે.ત્યારબાદ ૫મેથી ૮ જુન સુધી વેકેશન જાહેર કરાયું છે અને ૯ જુન, ૨૦૨૫ થી નવા શૈક્ષણીક વર્ષનો પ્રારંભ થશે.આમ ચાલુ શૈક્ષણીક વર્ષમાં પ્રથમ સત્ર અને દ્વિતિય સત્ર મળીને કુલ ૨૪૩ દિવસ અભ્યાસનાં નકકી કરવામાં આવ્યા છે. જેમાંથી ૬ સ્થાનિક રજા બાદ કરતા ૨૩૭ દિવસનો અભ્યાસ કરાવવામાં આવશે. ધો.૯ થી ૧૨ ની તમામ પ્રવાહની પ્રથમ પરીક્ષા ૧૪ ઓકટોબરથી ૨૩ ઓકટોબર દરમ્યાન લેવામાં આવશે.ત્યારબાદ પ્રિલીમ-દ્વિતિય પરીક્ષા ૨૦ જાન્યુઆરી ૨૦૨૫ થી ૨૮ જાન્યુઆરી ૨૦૨૫ દરમ્યાન લેવામાં આવશે.ધો.૧૦ અને ૧૨ ની બોર્ડના વિષયોની શાળા કક્ષાએ લેવાની પરીક્ષા ૩૧ જાન્યુઆરીથી શરૂ થશે અને ૪ ફેબ્રુઆરીના રોજ પૂર્ણ કરી દેવામાં આવશે. જયારે ૧૨ સાયન્સની પ્રાયોગીક પરીક્ષા ૬ ફેબ્રૂઆરીથી શરૂ કરવામાં આવશે અને ૧૪ ફેબ્રુઆરી સુધી પ્રાયોગીક પરીક્ષા પૂર્ણ કરવાનું આયોજન કરાયું છે. શિક્ષણ બોર્ડ દ્વારા ૨૦૨૫ માં ધો.૧૦ અને ધો.૧૨ ની બોર્ડની પરીક્ષા વહેલી યોજવાનો નિર્ણય કરાયો છે.અત્યાર સુધી બોર્ડ દ્વારા ધો.૧૦ અને ૧૨ ની પરીક્ષા માર્ચ માસમાં શરૂ કરવામાં આવતી હતી અને માર્ચમાં પરીક્ષા પૂર્ણ થતી હતી. પરંતુ આ વખતે બોર્ડ દ્વારા ૨૭ ફેબ્રુઆરીથી જ ધો.૧૦ અને ૧૨ ની પરીક્ષાનો પ્રારંભ કરવામાં આવશે.જે ૧૩ માર્ચના રોજ પૂર્ણ થશે. ત્યારબાદ ધો.૯ અને ૧૧ ની શાળાકીય વાર્ષિક પરીક્ષા ૭ એપ્રિલથી ૧૯ એપ્રિલ દરમ્યાન લેવામાં આવશે. શિક્ષણ બોર્ડ દ્વારા જાહેર કરાયેલા એકેડેમીક કેલેન્ડર અનુસાર વર્ષ દરમ્યાન ૮૦ દિવસની રજા નકકી કરવામાં આવી છે.જેમાં દિવાળી વેકેશનનાં ૨૧ દિવસ ઉનાળુ વેકેશનનાં ૩૬ દિવસ ઉપરાંત જાહેર રજાઓ ૧૮ દિવસ અને સ્થાનિક રજાઓ ૮ દિવસનો સમાવેશ થાય છે.આમ સમગ્ર વર્ષ દરમ્યાન મહતમ ૮૦ રજાઓ વિદ્યાર્થીઓને મળશે.આ સિવાય રવિવારની રજાઓ અલગ રહેશે.

### અમિત શાહે ગુજરાતના ખેડૂતોને આપી મોટી ભેટ

# ખેડૂતોનો હવે ખાતર પર મળશે ૫૦ ટકા સબસીડી

ગાંધીનગર, તા.૬


કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે આજે ગાંધીનગર ખાતે સહકારી દિવસની ઉજવણીમાં ભાગ લીધો હતો. આંતરરાષ્ટ્રીય સહકાર દિવસ નિમિત્તે તેઓએ દેશમાં બે લાખ પંચાયત ઘરોને અપેક્ષ સાથે જોડવાની જાહેરાત કરી હતી. સાથે જ આજના દિવસે ગુજરાતના ખેડૂતોને મોટી ભેટ આપી છે. તેમણ ખેડૂતો માટે નેનો યુરીયામાં ૫૦% ગુજરાત સરકારની સબસીડી આપવાની યોજનાનો પ્રારંભ કરાવ્યો છે. અમિત શાહે નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ માટે સરકારની છ્ય્ઇ-૨ યોજના હેઠળ ખેડૂતો દ્વારા નેનો-યુરિયાની ખરીદી પર ૫૦ ટકા સહાયતા યોજનાનો શુભારંભ કર્યો. કાર્યક્રમમાં સહકારિતા મંત્રી અમિત શાહના હસ્તે ત્રણ ખેડૂતોને નેનો યુરિયાની પ્રતિકાત્મક કીટ આપવામાં આવી. તો સાથે સાથે ગૃહમંત્રી દ્વારા ઓર્ગેનિક લોટનું લોકાર્પણ પણ કરવામાં આવ્યું. સમગ્ર દેશમાં આ અમૂલની સૌપ્રથમ ઓર્ગેનિક લોટની શોપ હશે. ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે આંતરરાષ્ટ્રીય સહકારિતા દિવસની ઉજવણી કરાઈ હતી. કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહનું કાર્યક્રમમાં સંબોધન કરતા અમિત શાહે કહ્યું કે, ૧૦૨ વર્ષથી સહકારીતા દિવસથી ઉજવણી કરવામાં આવે છે.

આજે શ્યામાપ્રસાદ મુખર્જીનો જન્મ દિવસ છે. આજે બંગાળ અને કાશ્મીર ભારતનો હિસ્સો છે તે શ્યામ પ્રસાદ મુખર્જીને આભારી છે. આજના દિવસે જ સ્વતંત્ર સહકારીતા મંત્રાલયની સ્થાપના કરવામાં આવી હતી. ઘણા લાંબા સમયની માગ હતી કે સહકાર વિભાગની સ્થાપના કરવામાં આવે. ગુજરાતમાં નેનો યુરિયા અને નેનો ડીએપી પર ૫૦ ટકા નું ડિસ્કાઉન્ટ જાહેર કરાયું છે.

# તહેવારોને લઇ કચ્છ પોલીસ સજ્જ











**અષાઢી બીજ ના રોજ ભગવાન જગ્ન્નાથજી ની રથયાત્રા નીકળનાર હોય આ રથયાત્રા ગળપાદર જગન્નાથજીના મંદિરથી રેલ્વે કોલોની ગાંધીધામ સુધી જવાની હોય જેથી કાયદો અને વ્યવસ્થાની પરીસ્થિતી જળવાઇ રહે તે હેતુ થી પોલીસ અધિક્ષક સાગર બાગમારની આગેવાનીમા નાયબ પોલીસ અધિક્ષક તથા પોલીસ અધિકારી/કર્મચારીઓ દ્વારા રથયાત્રાના સંપુર્ણ રૂટ ઉપર ફલેગ માર્ચનુ આયોજન કરવામાં આવેલ અને રૂટ ઉપરના તમામ પોઇન્ટો ઉપર બંદોબસ્ત ની જાળવણી માટે રીહર્સલ રાખવામાં આવ્યુ હતુ. તો બીજી તરફ પચ્છિમ કચ્છ પોલીસ દ્રારા પણ તહેવાર પહેલા તમામ તાલુકા મથક તેમજ ભુજ શહેર વિસ્તાર ના એન્ટ્રી ,એક્સિટ પોઈન્ટ્સ પર વાહન ચેકિંગ હાથ ધરવા માટે મેગા ડ્રાઇવનું આયોજન કર્યુ હતું જેમાં ડીવાયએસપી, એલ સી બી, એસઓજી, તમામ અધિકારી જિલ્લા ટ્રાફિક, સીટી ટ્રાફિક,પેરોલ ફર્લો,દ્વારા શેખપીર ચોકડી ,થી મિરજાપર સુધીના એન્ટ્રી એક્સિટ પોઈન્ટ પર વાહનો નું ચેકિંગ કરવામાં આવ્યું આ રીતે જિલ્લાના તમામ પોલીસ સ્ટેશનના તાલુકા તથા હોમ ટાઉનના એન્ટ્રી એક્સિટ પોઈન્ટ પર વાહનો ચેક કરવામાં આવ્યા જેમા એનસી ૨૮૬-૮૭૯૦૦ રોકડ દંડ એમ વી એક્ટ ૨૦૭ વાહન ડિટેઇન -૧૮ ડ્રિંક ડ્રાઇવ કેસ-૩જીપી એક્ટ કેસ સહિત ટોટલ ૧૪૩ વાહન ચેક કરવામાં આવ્યા હતા આમ તહેવારો સમયે વાહન ચેકીંગથી લઇ વિવિધ કામગીરી કરી પોલીસે કાયદો વ્યવસ્થા જાળવવા પ્રયત્નો કર્યા હતા.**

### ટીમ ઈન્ડિયાની બેટિંગ ફ્લોપ

# પ્રથમ ટી૨૦માં ઝિમ્બાબ્વેએ ભારતને ૧૩ રને હરાવ્યું

ઝિમ્બાબ્વેએ પ્રથમ T20 મેચમાં ભારતને ૧૩ રને હરાવ્યું છે. ભારતીય ટીમના ૮ બેટ્સમેન રનના મામલામાં બે આંકડાને પણ સ્પર્શી શક્યા નહી. ઝિમ્બાબ્વેએ પહેલા બેટિંગ કરતા સ્કોરબોર્ડ પર ૧૧૫ રન બનાવ્યા હતા, પરંતુ જ્યારે ભારત લક્ષ્યાંકનો પીછો કરવા આવ્યું ત્યારે અડધીથી વધુ ટીમ ૫૦ રનમાં જ પેવેલિયન પરત ફરી ગઈ હતી. એક સમયે ભારતનો સ્કોર ૬ વિકેટે ૪૭ રન હતો. જોકે અવેશ ખાન અને વોશિંગ્ટન સુંદરની ૨૩ રનની નાની પરંતુ મહત્વની ભાગીદારીએ ટીમ ઈન્ડિયાની આશા જગાવી હતી, પરંતુ ઝિમ્બાબ્વેની ટીમ અલગ મૂડમાં જોવા મળી હતી. કેપ્ટન સિકંદર રજાએ ભારત માટે વધારે મુશ્કેલી ઉભી કરી, જેણે ૪ ઓવરમાં ૨૫ રન આપી ૩ વિકેટ લીધી. આ ૨૦૨૪માં ટી૨૦ ક્રિકેટમાં ભારતની આ પ્રથમ હાર છે. ભારતને જીતવા માટે ૧૧૬ રન બનાવવાના હતા, પરંતુ પ્રથમ ઓવરમાં જ વિકેટ પડવાની શરૂઆત થઈ ગઈ હતી. અભિષેક શર્મા પોતાની ડેબ્યૂ મેચમાં શૂન્ય રને આઉટ થયો હતો. વિકેટો પડવાની શ્રેણી એવી રીતે શરૂ થઈ કે એક સમયે ભારતનો સ્કોર ૬ વિકેટે ૪૭ રન હતો. ઋતુરાજ ગાયકવાડે ૭ રન બનાવ્યા હતા, જ્યારે રિયાન પરાગ પણ પોતાની ડેબ્યુ મેચમાં માત્ર ૨ રન બનાવીને પેવેલિયન પરત ફર્યો હતો. આ જ મેચમાં ધ્રુવ જુરેલે ટી૨૦માં ડેબ્યૂ કર્યું હતું, પરંતુ તેના બેટમાંથી માત્ર ૭ રન જ નીકળ્યા હતા. ટીમ ઈન્ડિયાને રિંકુ સિંહ પર ઘણો વિશ્વાસ હતો, જે પોતાનું ખાતું પણ ખોલાવી શક્યો ન હતો. એક તરફ ભારતીય બેટ્સમેનો પોતાની વિકેટો ગુમાવી રહ્યા હતા, તો બીજી તરફ કેપ્ટન શુભમન ગિલ મક્કમ રીતે ઉભો હતો. ગિલે ૨૫ બોલમાં ૩૧ રન બનાવ્યા હતા, પરંતુ નિર્ણાયક સમયે સિકંદર રઝા દ્વારા ક્લીન બોલ્ડ થયો હતો.

# હમાસ યુએસના પ્રસ્તાવનો સ્વીકાર કરી ઈઝરાયલી બંધકોને મુકત કરશે

ગાઝા,તા.૬

હમાસ સામે ઈઝરાયેલનું યુદ્ધ આજે પણ ચાલુ છે. જો કે તેના અંતના અવાજો સંભળાવા લાગ્યા છે.હમાસના એક વરિષ્ઠ સ્ત્રોતને ટાંકીને જણાવાયું હતું કે હમાસ ગાઝામાં નવ મહિનાથી ચાલેલા યુદ્ધને સમાપ્ત કરવાના ઉદ્દેશ્ય સાથે કરારને લાગુ કરવા માટે સંમત છે. પ્રથમ તબક્કાના ૧૬ દિવસ પછી ઈઝરાયલી બંધકોને મુક્ત કરવા માટે વાટાઘાટો શરૂ કરવાના યુએસ પ્રસ્તાવને સ્વીકારવામાં આવ્યો છે.

પેલેસ્ટિનિયન સંગઠને માંગ કરી છે કે સમજૂતી પર હસ્તાક્ષર કરવામાં આવે તે પહેલાં ઈઝરાયેલે પહેલા કાયમી યુદ્ધવિરામ માટે પ્રતિબદ્ધ થવું જોઈએ. છ અઠવાડિયાના પ્રથમ તબક્કા દરમિયાન આ અમલ કરવામાં આવશે. યુદ્ધવિરામના પ્રયાસોમાં સામેલ એક પેલેસ્ટિનિયન અધિકારીએ જણાવ્યું હતું કે જો ઈઝરાયેલ સંમત થાય તો દરખાસ્ત કરારમાં પરિણમી શકે છે. આ સાથે ગત વર્ષે ૭ ઓક્ટોબરે શરૂ થયેલ ગાઝા યુદ્ધનો અંત આવશે.

તમને જણાવી દઈએ કે આ યુદ્ધ માતા ગાઝામાં ૩૮,૦૦૦ થી વધુ લોકો માર્યા ગયા છે. હમાસના આતંકવાદીઓએ દક્ષિણ ઈઝરાયેલના શહેરો પર હવાઈ, જમીન અને દરિયાઈ માર્ગે હુમલો કર્યા બાદ યુદ્ધ શરૂ થયું હતું. તેઓએ લગભગ ૨૫૦ લોકોને બંધક બનાવ્યા હતા જ્યારે હુમલામાં લગભગ ૧,૨૦૦ લોકો માર્યા ગયા હતા.

હમાસના સૂત્રએ જણાવ્યું હતું કે અમેરિકી દરખાસ્ત સુનિશ્ચિત કરે છે કે મધ્યસ્થીઓ અસ્થાયી યુદ્ધવિરામ, માનવતાવાદી સહાયની ડિલિવરી અને ઈઝરાયેલી સૈનિકોને પાછા ખેંચવાની બાંયધરી આપશે. કરારના બીજા તબક્કાના અમલ માટે પરોક્ષ વાતચીત ચાલુ રહેશે. પેલેસ્ટાઈનના ઉત્તરી પશ્ચિમ કાંઠે આવેલા જેનિન શહેર અને તેના શરણાર્થી કેમ્પમાં ઈઝરાયેલના હવાઈ હુમલા અને ગોળીબારમાં સાત પેલેસ્ટાઈનના મોત થયા હતા. પેલેસ્ટાઈનના સુરક્ષા સૂત્રોએ શુક્રવારે આ જાણકારી આપી. પેલેસ્ટિનિયન સુરક્ષા સૂત્રોએ જણાવ્યું હતું કે ઈઝરાયેલી ડ્રોને જેનિન કેમ્પમાં યુવાનોના એક જૂથને નિશાન બનાવ્યું હતું અને પેલેસ્ટિનિયન આતંકવાદીઓ દ્વારા ગોળીબારનો બદલો લેવા ઈઝરાયેલી દળોએ જેનિનની પશ્ચિમમાં એક ઘરને ઘેરી લીધું હતું. ઈઝરાયેલી સેનાએ ત્યારબાદ આ વિસ્તારમાં વધારાના દળો તૈનાત કર્યા અને પછી ઘણા "એનર્ગા" ગ્રેનેડથી ઘર પર હુમલો કર્યો, સૂત્રોએ જણાવ્યું હતું.

જેનિનમાં રેડ ક્રેસન્ટ એમ્બ્યુલન્સ અધિકારી મહમૂદ અલ-સાદીએ જણાવ્યું હતું કે ઈઝરાયેલી દળોએ વિસ્તારને ઘેરી લીધો હતો, એમ્બ્યુલન્સના કર્મચારીઓને ઘેરાયેલા ઘર સુધી પહોંચતા અટકાવ્યા હતા.

# કચ્છ ભાજપ દ્વારા ડો. શ્યામાપ્રસાદ મુખરજીને ઋણાંજલી

ભુજ તા.૬

શ્યામાપ્રસાદ મુખરજીના જન્મદિન સપ્તાહ અંતર્ગત જિલ્લાના તમામ ૧૭ મંડલો ખાતે વિચાર ગોસ્ઠી કાર્યક્રમો યોજાયા સાથે ભારતીય જનસંઘના સ્થાપક અને કાશ્મીર મુદ્દા માટે ભારતની એકતા અને અખંડિતતા કાયમ રાખવા માટે પોતાના પ્રાણોનું બલિદાન આપનાર ડોક્ટર શ્યામાપ્રસાદ મુખર્જીના જન્મદિન નિમિત્તે કચ્છ જિલ્લા ભાજપ દ્વારા અધ્યક્ષ દેવજી વરચંદની આગેવાનીમાં જુના ભાજપ કાર્યાલય પાસે આવેલી તેમની પ્રતિમાને હરારોપણ કરીને ઋણાંજલી અર્પણ કરવામાં આવી હતી.આ કાર્યક્રમમાં જિલ્લા ભાજપ મહામંત્રી નરેન્દ્ર પ્રજાપતિ, જિલ્લા ભાજપ ઉપાધ્યક્ષ પચાણ સંજોટ, પૂર્વ ધારાસભ્ય રમેશ મહેશ્વરી, જિલ્લા ભાજપ બક્ષીપંચ મોરચાના પ્રમુખ માવજી ગુંસાઇ, જિલ્લા ભાજપ અનુસૂચિત મોરચાના પ્રમુખ અશોક હાથી, જિલ્લા ભાજપ મહિલા મોરચાના પ્રમુખ ગોદાવરી ઠક્કર, ભુજ શહેર ભાજપ અધ્યક્ષ





બાલકૃષ્ણ મોતા, ભુજ નગર પાલિકાના ઉપપ્રમુખ ઘનશ્યામ ઠક્કર, સત્તા પક્ષના નેતા કમલ ગઢવી, દંડક રાજેશ ગોર સહિતના આગેવાનો અને કાર્યકર્તાઓ જોડાયા હતા. ડો. શ્યામાપ્રસાદ મુખર્જીના જન્મ જયંતિ સપ્તાહ અંતર્ગત પ્રદેશ ભાજપની માર્ગદર્શિકા પ્રમાણે કચ્છ જિલ્લા ભાજપ દ્વારા જિલ્લાના તમામ ૧૭ મંડલો ખાતે વરિષ્ઠ આગેવાનો અથવા પ્રબુદ્ધ વક્તાઓના ઉદબોધન સાથે વિશિષ્ટ વિચાર ગોષ્ઠી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. વિવિધ કાર્યક્રમો પૈકી ભુજ તાલુકા ખાતે પ્રદેશ ભાજપ મહામંત્રી અને સાંસદ વિનોદ ચાવડા, ગાંધીધામ શહેર અને મુન્દ્રા શહેર ખાતે જિલ્લા ભાજપ અધ્યક્ષ દેવજી વરચંદ, અબડાસા તાલુકા ખાતે ભૂજ ધારાસભ્ય કેશુ પટેલ, ભુજ શહેર ખાતે માંડવી ધારાસભ્ય અનિરુદ દવે, માંડવી શહેરમાં પૂર્વ મહામંત્રી જયસુખ પટેલ, લખપત મંડલમાં કિસાન મોરચા ઉપ-પ્રમુખ આણદા માતા, નખત્રાણા ખાતે જિલ્લા ભાજપ મહામંત્રી નરેન્દ્ર પ્રજાપતિ, ગાંધીધામ તાલુકા ,રાપર તાલુકા અને રાપર શહેર ખાતે જિલ્લા ભાજપ મંત્રી વિકાસ રાજગોર, અંજાર શહેર ખાતે જિલ્લા પંચાયત પૂર્વ અધ્યક્ષા પારૂલ કારા, ભચાઉ તાલુકા ખાતે ભચાઉ શહેર ભાજપ પ્રભારી મોમાયાભા ગઢવી, ભચાઉ શહેર ખાતે અંજાર ધારાસભ્ય ત્રીકમ છાંગા, માંડવી તાલુકા ખાતે ભુજ શહેર ભાજપ પ્રભારી માણેક ગીલવા, મુન્દ્રા તાલુકા ખાતે પૂર્વ ધારાસભ્ય પંકજ મહેતા, અંજાર તાલુકા ખાતે ગાંધીધામ ધારાસભ્ય માલતી મહેશ્વરીએ વિચાર ગોસ્ઠી કાર્યક્રમના મુખ્ય વક્તા તરીકે પ્રેરક ઉદબોધન કર્યું હતું. પ્રદેશ ભાજપ મહામંત્રી અને કચ્છના સાંસદ વિનોદ ચાવડા આ પ્રસંગે જણાવ્યું હતું કે શ્યામાપ્રસાદ મુખર્જીના જીવનની એક એક ક્ષણ આપણા માટે પ્રેરણાદાયી છે. કાર્યક્રમમાં જે તે મંડલ પ્રમુખ અને મહામંત્રીઓ સહીત સેલ મોરચાના આગેવાનો અને કાર્યકર્તાઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હોવાનું કચ્છ જિલ્લા ભાજપ મીડિયા ઇન્ચાર્જ સાત્વિકદાન ગઢવીની યાદીમાં જણાવાયું હતું.

# મોદીએ બ્રિટનના નવા વડાપ્રધાન સાથે એફટીએ જલ્દી પૂર્ણ કરવા પર ચર્ચા કરી

નવીદિલ્હી,તા.૬

નરેન્દ્ર મોદીએ શનિવારે કીર સ્ટારર સાથે ફોન પર વાત કરી અને તેમને બ્રિટનના વડા પ્રધાન તરીકે નો કાર્યભાર સંભાળવા અને લેબર પાર્ટીની જીત બદલ અભિનંદન પાઠવ્યા. બંને નેતાઓએ ઐતિહાસિક ભારત-યુકે સંબંધો અને વ્યૂહાત્મક ભાગીદારીને વધુ ગાઢ બનાવવાની ચર્ચા કરી હતી. પીએમ મોદી અને તેમના બ્રિટિશ સમકક્ષ ભારત-યુકે ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટને વહેલી તકે પૂર્ણ કરવા માટે કામ કરવા સંમત થયા હતા. વડા પ્રધાન મોદીએ તેમને ટૂંક સમયમાં ભારત આવવાનું આમંત્રણ પણ આપ્યું હતું. બ્રિટન ના સામાજિક, આર્થિક અને રાજકીય વિકાસમાં ભારતીય સમુદાયના સકારાત્મક યોગદાનની પ્રશંસા કરતાં બંને નેતાઓ લોકો-લોકોના સંબંધોને પ્રોત્સાહન આપવા સંમત થયા હતા. બંને પક્ષો ભવિષ્યમાં સંપર્કમાં રહેવા સંમત થયા હતા. લેબર પાર્ટી તાજેતરની સામાન્ય ચૂંટણીમાં જીત સાથે ૧૪ વર્ષ પછી સત્તામાં પરત આવી છે. તેણે ૬૫૦ બેઠકો ધરાવતા હાઉસ ઓફ કોમન્સમાં ૪૧૨ બેઠકો જીતીને બહુમતી મેળવી હતી. પૂર્વ વડાપ્રધાન ઋષિ સુનકની આગેવાની હેઠળની કન્ઝર્વેટિવ પાર્ટી ૧૧૮ સીટો પર ઘટી ગઈ હતી. તે જ સમયે લિબરલ ડેમોક્રેટ્સ પાર્ટીએ ૭૧ બેઠકો જીતી હતી. સુનકે ૨૩,૦૫૯ મતો સાથે ઉત્તરી ઈંગ્લેન્ડમાં તેમની બેઠક જીતી હતી. ૨૦૧૯ની સામાન્ય ચૂંટણીમાં, બોરિસ જોન્સનના નેતૃત્વમાં કન્ઝર્વેટિવ પાર્ટીએ ૩૬૫ બેઠકો જીતી હતી. જ્યારે લેબર પાર્ટીને ૨૦૨ બેઠકો મળી હતી.

લેબરપાર્ટીનીનવીસરકારમાંએન્જેલા રેન નાયબ વડા પ્રધાન, રશેલ રીવ્સ નાણા પ્રધાન, ડેવિડ લેમી વિદેશ પ્રધાન, યવેટ કપૂર ગૃહ પ્રધાન, જોન હેલી સંરક્ષણ પ્રધાન, બ્રિજેટ ફિલિપ્સન પ્રધાન બનશે. શિક્ષણ પ્રધાન, એડ મિલિબેન્ડ ઊર્જા પ્રધાન, જોનાથન રેનોલ્ડ્સને વેપાર અને વાણિજ્ય પ્રધાન, લુઈસ હેગને પરિવહન પ્રધાન અને શબાના મહેમૂદને ન્યાય પ્રધાન બનાવવામાં આવ્યા છે.

# રૂ. ૭.૯ કરોડની કિંમતનું લાલ ચંદન વચમાં દટાઈ ગયું

નવી દિલ્હી, તા.૬

મુંબઈમાં ડિરેક્ટોરેટ ઑફ રેવન્યુ ઈન્ટેલિજન્સએ ૭.૯ કરોડ રૂપિયાની કિંમતનું ૮ મેટ્રિક ટન લાલ ચંદન જપ્ત કર્યુ છે. આ ચંદન ગ્રેનાઈટ માર્બલ સ્લેબની જેમ નિકાસ કરવામાં આવતું હતું. એક અધિકારીએ શુક્રવારે આ જાણકારી આપી.એજન્સી અનુસાર, પોલીસે જણાવ્યું કે નવી મુંબઈમાં જવાહર લાલ નહેરુ પોર્ટ ટ્રસ્ટમાં ચેકિંગ માટે એક કન્ટેનરને રોકવામાં આવ્યું હતું. આ પછી ડીઆરઆઈના મુંબઈ ઝોનલ યુનિટે નિકાસકાર, કમિશન બ્રોકર, વેરહાઉસ મેનેજર અને ટ્રાન્સપોર્ટર સહિત પાંચ લોકોની ધરપકડ કરી છે.



કન્ટેનરમાં પોલીશ્ડ ગ્રેનાઈટ સ્લેબ અને સિમેન્ટની ઈંટોની નીચે છુપાયેલું ૬ ટન લાલ ચંદન હતું. તેલંગાણાના અહમદનગર, નાસિક અને હૈદરાબાદમાં પણ દરોડા પાડવામાં આવ્યા હતા. આ સમયગાળા દરમિયાન, નાસિકમાં બે ટન લાલ ચંદન જપ્ત કરવામાં આવ્યું છે. ચંદનનું આ કન્સાઈનમેન્ટ આગામી દિવસોમાં એક્સપોર્ટ થવાનું હતું.પકડાયેલ લાલ ચંદન ગ્રેનાઈટ માર્બલના સ્લેબની આડમાં નિકાસ કરવાનું હતું. આ મામલે બાતમીદાર પાસેથી બાતમી મળતાં કન્ટેનરને ન્હાવા શેવા ખાતે જેએનપીટી ખાતે રોકીને તપાસ કરવામાં આવી હતી. કન્ટેનરની શોધ દરમિયાન, પોલીશ્ડ ગ્રેનાઈટ સ્લેબ અને સિમેન્ટની ઈંટો મળી આવી હતી, જેની નીચે લાલ ચંદન છુપાયેલું હતું.આ પછી ટીમે આરોપીઓની ધરપકડ કરીને પૂછપરછ કરી. પૂછપરછ બાદ ટીમે અન્ય સ્થળોએ દરોડા પાડ્યા હતા, જેમાં નાશિકમાં બે ટન લાલ ચંદન મળી આવ્યું હતું. આ પણ નિકાસ માટે રાખવામાં આવ્યું હતું. પોલીસ અધિકારીએ કહ્યું કે લાલ ચંદન ક્રૈઈજી સંમેલન હેઠળ સંરક્ષિત પ્રજાતિ છે અને કસ્ટમ્સ એક્ટ ૧૯૬૨ હેઠળ તેની નિકાસ પર પ્રતિબંધ છે.

# ઝારખંડ કૌભાંડ : EDએ ૪.૨ કરોડની સંપત્તિ જપ્ત કરી

ઝારખંડ,તા.૬

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટએ ઝારખંડના ટેન્ડર કમિશન કૌભાંડ સંબંધિત મની લોન્ડરિંગના કેસમાં મોટી કાર્યવાહી કરી છે. રાંચીમાં ઈડિએ પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ ૨૦૦૨ની જોગવાઈઓ હેઠળ પૂર્વ મંત્રી આલમગીર આલમના અંગત સચિવ સંજીવ લાલ, તેની પત્ની રીટા લાલ અને નોકર જહાંગીર આલમ સાથે સંબંધિત રૂ. ૪.૪૨ કરોડની સંયુક્ત કિંમતની ચાર સ્થાવર મિલકતો જપ્ત કરવામાં આવી છે. આ તમામ આરોપીઓની ધરપકડ થઈ ચૂકી છે અને હવે ઈડિએ આ કેસમાં સંપત્તિ જપ્ત કરવાની પ્રક્રિયા પણ શરૂ કરી દીધી છે. ઈડિએ ACB ની FIRના આધારે આ કેસની તપાસ શરૂ કરી હતી. જમશેદપુરમાં નોંધવામાં આવી હતી, જેમાં સુરેશ પ્રસાદ વર્મા અને આલોક રંજન આરોપી હતા. તપાસ દરમિયાન જાણવા મળ્યું કે, જમશેદપુર છઝ્રમ્એ આલોક રંજનના ઘરેથી ૨.૬૭ કરોડ રૂપિયા જપ્ત કર્યા છે. આલોક આ સમયે સુરેશ પ્રસાદ વર્માના ઘરમાં ભાડુઆત તરીકે રહેતો હતો. જપ્ત કરાયેલી રકમ વીરેન્દ્ર કુમાર રામની હતી. વીરેન્દ્ર સરકારી કર્મચારી હતો. તેને ગ્રામીણ વિકાસ વિશેષ ઝોન અને ગ્રામીણ બાંધકામ વિભાગમાં મુખ્ય ઈજનેર તરીકે નિયુક્ત કરવામાં આવ્યો હતો. આ બંને વિભાગ ઝારખંડ સરકારના છે. તપાસ દરમિયાન મળેલી માહિતીના આધારે, EOWએ દિલ્હીમાં વીરેન્દ્ર કુમાર રામ, મુકેશ મિત્તલ અને અજાણ્યા લોકો સામે કેસ નોંધ્યો હતો. બાદમાં આ કેસને તપાસ સાથે જોડી દેવામાં આવ્યો હતો. જેમ જેમ તપાસ આગળ વધતી ગઈ તેમ તેમ વીરેન્દ્ર કુમાર રામ અને તેના પરિવારની ૩૯.૨૮ કરોડ રૂપિયાની સંપત્તિ જપ્ત કરવામાં આવી હતી. આ પછી વીરેન્દ્ર કુમારના CA મુકેશ મિત્તલની ૩૫.૭૭ કરોડ રૂપિયાની સંપત્તિ પણ જપ્ત કરવામાં આવી હતી. એપ્રિલમાં વીરેન્દ્ર કુમાર રામ, આલોક રંજન, રાજ કુમારી અને ગેંડા રામ વિરુદ્ધ ફરિયાદ દાખલ કરવામાં આવી હતી અને મુકેશ મિત્તલ, તારા ચંદ, નીરજ મિત્તલ, રામ પ્રકાશ ભાટિયા, હરીશ યાદવ અને હૃદય નંદ તિવારી વિરુદ્ધ પૂરક કાર્યવાહીની ફરિયાદ દાખલ કરવામાં આવી હતી. વધુ તપાસ દરમિયાન, મે મહિનામાં જુદી જુદી તારીખો પર શોધખોળ હાથ ધરવામાં આવી હતી અને સર્ચના પરિણામે રૂ. ૩૭.૫૫ કરોડની રોકડ, એક વાહન, એક સ્કૂટર, જ્વેલરી, અનેક ડિજિટલ ઉપકરણો અને ગુનાહિત દસ્તાવેજો જપ્ત/ફ્રીઝ કરવામાં આવ્યા હતા.

તપાસ દરમિયાન, એવું બહાર આવ્યું હતું કે ટેન્ડરોની ફાળવણી માટે, કોન્ટ્રાક્ટરો પાસેથી કુલ ટેન્ડર મૂલ્યના ૩.૨% કમિશન લેવામાં આવે છે, જેમાં મંત્રી આલમગીર આલમ માટે લગભગ ૧.૫% કમિશન પણ સામેલ છે.

## સંક્ષિપ્ત સમાચાર

# કોટડા રોહા પ્રા.શાળાના બાળકોને સ્થાનિક દૂધ ડેરીની મુલાકાત કરાવાઈ



આણંદપર(યક્ષ)તા.૬

સહકારી ધોરણે દૂધ ઉત્પાદનની વિશેષ સમજ માટે નખત્રાણા તાલુકાના કોટડા (રોહા) પ્રાથમિક શાળાના ધોરણ ૬ થી ૮ ના ૬૮ બાળકોને ગામમાં આવેલ કોટડા(રોહા) મહિલા દૂધ ઉ.સ મંડળી લી.સરહદ ડેરીની મુલાકાત કરાવવામાં આવી હતી.

ડેરી મુલાકાત દરમ્યાન દુધ મંડળીના પ્રમુખ દલપતસિંહ સોઢા દ્વારા બાળકોને મંડળીની કાર્ય પધ્ધિત વિગતે સમજ આપી હતી, જેમાં ગ્રાહકનું દૂધ એકત્ર કરવાની રીત, ફેટ પાડવા, તોલમાપ, ભાવ અને ઓનલાઈન મેસેજથી ગ્રાહકને કઈ રીતે જાણકારી મળે છે તેની સમજ આપી હતી, ત્યાર બાદ એકત્ર કરેલ દૂધ બલ્ક કૂલરમાં ઠંડુ કરી ટેક્ર દ્વારા કેવી રીતે પહોચે તેની માહિતી બાળકોને સમજ પડે એવી રીતે સરળતાથી સમજણ આપી હતી.

આ દૂધ મોટી ડેરીમાં જાય છે અને ત્યાં પ્લાન્ટ મોટા હોય છે, ત્યાંની કાર્ય પદ્ધતિ વિષે પણ બાળકોને પ્રાથમિક જાણકારી અપાઈ હતી.

# ચોમાસાને ધ્યાને લઈને બાળકોને છત્રીઓ ભેટ અપાઈ



ભુજ તા.૬

ચોમાસાને ધ્યાને લઈને ભુજ શહેરની સત્યમ સંસ્થા અને તાનારીરી મહિલા મંડળ દ્વારા ભૂંગાઓ અને ઝૂંપડાઓમાં રહેતા નાના બાળકોને છત્રીઓનું વિતરણ કરવામાં આવ્યું હતું અત્રે ઉલ્લેખનીય છે કે ચોમાસાને ધ્યાને લઈને તાલપત્રીઓની સાથે બાળકોને અલ્પાહાર કરાવવામાં આવે છે આ ઉપરાંત બાળકોને છત્રીઓનો વિતરણ પણ કરવામાં આવી હતી છત્રીઓના વિતરણ માટે ભુજના શિવાંગી અંતાણી તેમજ પંકજ વછરાજાની તેમજ મંજુલા જણસારી વગેરે સહયોગ આપ્યો હતો દરમ્યાન હજુ પણ શહેરની અલગ અલગ ઝુપડપટ્ટીઓમાં બાળકોને છત્રીઓ આપવાની હોય દાતાઓને આગળ આવવા અપીલ કરવામાં આવી છે.

સંસ્થા દ્વારા અનેક સેવાકીય પ્રવૃતિ કરવામાં આવે છે. આ કાર્યમાં સત્યમ સંસ્થાના અધ્યક્ષ દર્શક અંતાણી, નર્મદા ગામોટ, મનજી ગામોટ, અંકિતા ધોકાઈ, રામુ પટેલ, લોકસેવા ટ્રસ્ટના હેમેન્દ્ર જણસારી વગેરે જોડાઈને સહયોગ આપી રહ્યા છે.

# ભચાઉની છાડવા હાઈસ્કૂલમાં હેલ્થ અને વેલનેસ દિવસનું આયોજન

ભચાઉ તા.૬

ભચાઉ તાલુકા હેલ્થ ઓફિસર ડો.નારાયણ સિંગ તેમજ પી.એચ.સી સામખિયાળી મેડિકલ ઓફિસરના માર્ગદર્શન હેઠળ પી.એચ.સી. સામખીયાળીની પી.બી. છાડવા હાઈસ્કૂલમા એડોલેસેન્ટ હેલ્થ એન્ડ વેલનેસ દિવસનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં સી.એચ.સી. લાકડીયા ના ડેન્ટલ ડો.ઉર્વશીબેન,આર.બી.એસ.કે.ડો.મીનાબેન,પી.એચ.સીના સુપરવાઈઝર, એડોલેસન્ટ કાઉન્સિલર કિરેન પાતર, સીએચઓ. સેજલબેન, એ.એન. એમ. મનિષાબેન, તેમજ શાળાના આચાર્ય જ્યોતિ પરમાર સહિતનો તમામ સ્ટાફ ગણ અને આશા બહેનો હાજર રહ્યા હતા. આ કાર્યક્રમ અંતર્ગત વિદ્યાર્થીઓનું આરબીએસકે ડોક્ટર દ્વારા આરોગ્ય તપાસ કરવામાં આવી હતી તેમજ ધોરણ ૧૦ ના વિદ્યાર્થીઓને ટીડી વેક્સિન આપવામાં આવી હતી સાથે વિદ્યાર્થીઓના વજન ઊંચાઈ અને એચ.બી. ચેક કરવામાં આવ્યા હતા.



આ કાર્યક્રમ અંતર્ગત શાળામાં મહેંદી સ્પર્ધા, ચિત્ર સ્પર્ધા અને વકતૃત્વ સ્પર્ધાનુ આયોજન કરવામા આવ્યુ હતું, પ્રથમ, દ્વિતીય, તૃતીય નંબર આવનાર વિદ્યાર્થી ને ઈનામો આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.દરેક ભાગ લીધેલ વિદ્યાર્થીઓને આશ્વાસન ઈનામ આપવામાં આવ્યા હતા આ સ્પર્ધામાં કુલ ૫૩ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જે વિદ્યાર્થીઓનું એચ.બી ઓછું હતું તેમનું કાઉન્સેલિંગ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ ને સફળ બનાવવા શાળા ના આચાર્યા તેમજ સ્ટાફ ગણએ સહયોગ આપ્યો હતો.

# ભુજના હરીપર નજીક ફિલ્ડ બટ પર ફાયરિંગ પ્રેક્ટીસ યોજાશે

ભુજ તા.૬

ભુજના હરીપર નજીક આવેલી ફિલ્ડ ફાયરિંગ રેન્જ નં.૦૨ ઉપર તા. ૦૭, ૦૮, ૦૯, ૧૦, ૧૧, ૧૫ ૧૬, ૧૭, ૧૮, ૧૯, ૨૦, ૨૩, ૨૪, ૨૫ અને ૨૬ જૂલાઈ, ૨૦૨૪ના રોજ ૫૨ ૧૭ MARATHA LI તેમજ ૨૦ MAHARના તાબા હેઠળની આર્મ્સ ફાયરિંગ પ્રેક્ટિસ યોજવામાં આવનારી છે. જેથી ફાયરિંગ રેન્જમાં કોઈપણ વ્યક્તિઓએ પ્રવેશવું નહીં અથવા ઢોરોને પ્રવેશવા દેવા નહીં.

તેમ છતાં કોઈપણ વ્યક્તિ ઉપરોક્ત ફાયરિંગ રેન્જમાં પ્રવેશશે તો તેની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. તેમજ તે વ્યક્તિને કે ઢોરોને કોઇ નુકશાન થશે તો તેની સંપૂર્ણ જવાબદારી જે તે વ્યક્તિની રહેશે તેવું સબ ડિવીઝનલ મેજિસ્ટ્રેટ, ભુજ-કચ્છ દ્વારા જણાવાયું છે.

# ફોર લેન નેશનલ હાઈવેના કામમાં રેતીના બદલે સિલિકાનો ઉપયોગ માન્ય છે ?





ભીમાસર- ભુજ નેશનલ હાઈવેની ચાલતી કામગીરીની ઉણપો અંગે અનેક શંકા સાથે સવાલ ઉઠાવતા વી.કે. હુંબલ

ભુજ તા.૬

ભીમાસર-ભુજ નેશનલ હાઈવે નં.૩૪૧ ની ચાલતી ફોરલેનની કામગીરીમાં સિમેન્ટવર્ક તેમજ બ્રિજના કામોમાં સેન્ડના બદલે સિલિકાનો ઉપયોગ કરવામાં આવી રહેલ છે જે માન્ય છે કે કેમ તેવો સવાલ ઉઠાવી જિલ્લા પંચાયતના પૂર્વ વિપક્ષી નેતા વી.કે. હુંબલે આ મટીરીયલ્સ સરકાર માન્ય છે કે કેમ સ્પષ્ટતા કરવા સબંધિત પ્રોજેક્ટ ડાયરેક્ટર એન.એચ.એ.આઈ. આદિપુર, નાયબ કલેકટર અને જમીન સંપાદન અધિકારી, અંજાર અને પ્રોજેક્ટ મેનેજર જી.આર. ઈન્ફ્રા લી. અંજાર ને પત્ર પાઠવી કરી છે. તેમણે આ અધિકારીઓને પાઠવેલ પત્રમાં જણાવ્યું હતું કે, ભીમાસર-ભુજ નેશનલ હાઈવે નં.૩૪૧ ફોરલેનની કામગીરી ચાલુમાં છે જેમાં ઓવરબ્રીજ તેમજ અન્ય બ્રીજોના કામો ચાલુમાં છે, જેમાં સિમેન્ટ કોન્ક્રીટનો પ્લાન્ટ બે થી ત્રણ જગ્યાએ આવેલ છે જેમાં સિમેન્ટ કોક્રીટમાં સેન્ડ્નો ઉપયોગ કરવાનો થાય છે પણ હાલે સેન્ડના બદલે વાઈટ સિલિકાનો ઉપયોગ કરવામાં આવે છે જેનું ટેસ્ટીંગ થયેલ છે કે કેમ અને સિલિકાનો ઉપયોગ સરકાર માન્ય છે કે કેમ ? જેની તપાસ થવા માંગણી છે, કારણ કે હેવી બ્રીજ બનતા હોય જેમાં સિમેન્ટ કોક્રીટનું ખુબજ મહત્વ હોય છે અને જે કામમાં સેન્ડના બદલામાં સીલીકાનો ઉપયોગ થાય તે યોગ્ય છે કે કેમ જેની તપાસ થવી ખુબ જરૂરી છે, ભવિષ્યમાં તમામ બ્રીજો નબળા પડવાની શક્યતા છે, જેથી હાલે આ રોડનું કામ કરતી એજન્સીને સિલિકા વાપરવાની મંજુરી તંત્ર દ્વારા અપાયેલ છે કે કેમ અને સીલીકાનું ટેસ્ટીંગ કઈ લેબમાં કરવામાં આવેલ છે ? જેની માહિતી પૂરી પાડવા અપીલ કરી, શ્રી હુંબલે ઉમેર્યું હતું કે, ભવિષ્યમાં કોઈ પણ ઘટના બનશે તો તેની જવાબદારી કામ કરનાર કંપની સાથે આપની પણ રહેશે.

આ રોડના કામમાં માટીકામ પણ યોગ્ય રીતે થતું નથી. હલકી ગુણવતાની માટીનો ઉપયોગ કરવામાં આવે છે અને લેયર પ્રમાણે રોલિંગ વોટરીંગ કરવામાં આવતું નથી. જેથી ભવિષ્યમાં આ રોડ બેસી જવાની પણ શક્યતા છે. ઘણી જગ્યાએ એક-એક મીટરનો માટીનો લેયર કરવામાં આવે છે જેથી પ્રોપર રોલિંગ વોટરીંગ થતું નથી તેની પણ તપાસ કરવામાં આવે, આ રસ્તાની અંદર ઘણી જગ્યાએ પાક્કા ડાયવર્ઝનના બદલે તકલાદી કામ કરવાના કારણે મોટા મોટા ખાડાઓ પડી ગયેલા છે પરિણામે વાહન ચાલકો હાલાકી ભોગવી રહ્યા છે જેથી વેલ્સપન અને અજાપર બ્રીજની બાજુમાં યોગ્ય ડાયવર્ઝન બનાવવામાં આવે તેવી માંગ સાથે ટેસ્ટીંગ રિપોર્ટની નકલ તેમને આપવામાં આવે તેવો આગ્રહ કર્યો છે.

# સામખિયાળી ગામના ૪ માસના બાળકને મળ્યું જીવતદાન



બાળકના પેટમાં જન્મજાત ખામીને કારણે સર્જાયેલા ડાયાફ્રેમેટીક હર્નીયાનું જી.કે. હોસ્પિટલના સર્જરી વિભાગે ઓપરેશન કરી જીવતદાન આપ્યુ

ભુજ તા.૬

જી.કે.જનરલ અદાણી હોસ્પિટલમાં ચાર માસના બાળકમાં જન્મજાત ખામીને કારણે હોજરીનો ભાગ છાતી ઉપર આવી જતાં (કોંજીનેન્ટલ ડાયાફ્રેમેટીક હર્નીયા) દબાણ વધવાથી મેડિકલ ઈમરજન્સી સર્જાતા સર્જરી વિભાગે તાત્કાલિક ઓપરેશન કરી બાળકને જીવતદાન આપ્યું હતું. સામખિયાળી ગામના બાળકને જન્મથી જ પેટ અને છાતીને જુદા પાડતા ઉદરપટલમાં છેદ હોવાને કારણે હોજરીનો એક ભાગ છાતીમાં ચડી ગયો હોવાથી એક બાજુનું ફેફસું દબાતું હોવાને કારણે બાળકને શ્વાસોશ્વાસમાં તકલીફ ઊભી થઈ હતી.જો તાત્કાલિક શસ્ત્રક્રિયા ન કરાય તો ફેફસાને મોટું નુક્સાન થાય અને કટોકટી સર્જાઈ શકે એમ સર્જન ડો. આદિત્ય ડી. પટેલે જણાવ્યું હતું. બાળકમાં આ ખોટ સીટી સ્કેનથી જાણવા મળી હતી.બાળક માતાનું દૂધ લેતું એ સાથે જ ઉલ્ટી થઈ જતી હોવાથી શ્વાસ અને ખોરાક એમ બંને અસર ઊભી થઈ હોવાથી સમસ્યા બેવડાઈ જવાને કારણે તાત્કાલિક શસ્ત્રક્રિયાની જરૂરિયાત ઊભી થઈ હતી.

બાળકમાં મોટાભાગે આવી સમસ્યા જન્મજાત અને ભાગ્યે જ જોવા મળે છે. આ શસ્ત્રક્રિયામાં ડો.હર્ષ શેઠ, ડો.દેવાંશી દધાણીયા, ડો.યસ પટેલ અને ડો.કિશન મીરાણી જોડાયા હતા.

### ડાયાફ્રેમેટીક હર્નીયા શું છે

ડાયાફ્રેમ એ છાતી અને પેટના પોલાણ વચ્ચે ગુંબજ આકારનો સ્નાયુ હોય છે, જે છાતી અને પેટના અંગને અલગ કરે છે.ડાયાફ્રેમેટીક ત્યારે થાય છે જ્યારે પેટનો અવયવ છાતી ઉપર જાય છે, જે દબાણ કરે છે જેને નિવારવા તાત્કાલિક સર્જરી ની જરૂર પડે છે.

# તા.૭,૧૪,૨૧,૨૮ના હોમગાર્ડ કર્મીઓની પરેડ યોજાશે

ભુજ તા.૬

આથી પશ્ચિમ કચ્છ જિલ્લાના તાબા હેઠળ આવતા તમામ યુનિટના ઓફિસર કમાન્ડિંગ તેમજ પાર્ટ ટાઈમ ક્લાર્કોની જુલાઈ માસની પરેડ આગામી તારીખ ૭, ૧૪, ૨૧, ૨૮, ના દર રવિવારે સવારે ૬:૩૦ વાગે થી ૯:૦૦ વાગ્યા સુધી હોવાથી તમામે પૂરા યુનિફોર્મમાં હાજર રહેવાનું રહેશે જેમાં બે પરેડ ફરજિયાત હોમગાર્ડ સભ્યોએ કરવાની રહેશે. જે હોમગાર્ડ સભ્યો ની બે પરેડ નહીં હોય તેઓને વડી કચેરીના આદેશ અનુસાર અને જિલ્લા હોમગાર્ડ કમાન્ડન્ટની સૂચનાથી તેમની ફરજો બંધ કરવાની રહેશે જે અંગે ની ગંભીરતાથી નોંધ લેશો.

તેવુ જિલ્લા હોમગાર્ડ કચેરી પશ્ચિમ કચ્છ ભુજએ એક યાદીમાં જણાવ્યુ હતુ

# રવાપર પ્રા.ગ્રુપ શાળાના આચાર્યની બદલી થતા વિદાયમાન અપાયું

આણંદપર(યક્ષ)તા.૬

રવાપર પ્રાથમિક ગ્રુપ શાળામાં એચ ટાટ આચાર્ય શ્રવણ ભાવાણીની વિરાણી મોટી પ્રા. કુમાર શાળામાં બદલી થતા ગામના સરપંચ પરેશ રૂપારેલના અધ્યક્ષ સ્થાને વિદાય સમારંભ યોજવામાં આવ્યો હતો, જેમાં રવાપર પંચાયતના સદસ્યો,નખત્રાણા તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ રામુભા જાડેજા, જિલ્લા કારોબારી અધ્યક્ષ હરદેવસિંહ જાડેજા, નખત્રાણા પ્રાથમિક શિક્ષક સંઘના મહામંત્રી ઘનશ્યામ પટેલ, જિલ્લા કારોબારી સદસ્ય કેતન પટેલ, બી.આર.સી.દેવેન્દ્ર પટેલ, તાલુકાની અન્ય પ્રા.શાળા, રવાપર ગ્રુપ શાળાના આચાર્યો તેમજ શિક્ષકગણ, એસ.એમ.સી. અધ્યક્ષ જાનકીબેન લોંચા તેમજ સદસ્યો અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યાં હતા.



મહેમાનોનું શાબ્દિક સ્વાગત રવાપર ગ્રુપ શાળાના સી.આર.સી વેલજી સુથારે કર્યું હતું, ત્યારબાદ શ્રવણભાઈને કુમકુમ તિલક કરી મીઠું મોં કરાવી પાઘડી પહેરાવીને, શાલ, સન્માન પત્ર, પ્રતિક ભેટ, આપીને સમગ્ર રવાપર ગૃપ શાળા શિક્ષક પરીવારે સન્માનિત કર્યા હતાં. શિક્ષકો અને વિદ્યાર્થીઓ, શાળામાં ચાલતી ટ્રાન્સપોર્ટ સમિતિ અને પંચાયત પરિવાર દ્વારા પણ શાલ, પ્રતિકભેટ અને સન્માનપત્ર આપી તેમની કામગીરીને બિરદાવાઈ હતી.

હાઈસ્કૂલ આચાર્ય,ગણેશ મંડળના પ્રમુખ દિનેશભાઈ દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું, રવાપર ગ્રુપ શાળાના નવનિયુક્ત આચાર્યા હેતલબેન કણસાગરાને ઉપસ્થિત મહેમાનો અને શિક્ષકોએ સન્માનિત કર્યા હતા, પ્રાસંગિક ઉદબોધન રામુભા જાડેજા, અને સતીષ સાંખલાએ કર્યું હતું, શિક્ષકો અને વિદ્યાર્થીઓએ પોતાના પ્રતિભાવો જ્યારે વિદાય લઇ રહેલા શ્રવણ ભાવાણીએ શાળામાં પસાર કરેલ ચાર વર્ષના પોતાના અનુભવો જણાવ્યા હતા. કાર્યક્રમનુ સંચાલન રતડીયા પ્રાથમિક શાળાના આચાર્ય અશોક વણકરે અને આભાર વિધિ હેતલબેન કણસાગરાએ કરી હતી.

# ટ્રાન્સપોર્ટ વાહન પસંદગીના નંબર મેળવવા ગોલ્ડન, સિલ્વર નંબરોની સિરિઝનું રી-ઓકશન

ભુજ તા.૬

ટુ-વ્હીલર, એલ.એમ.વી કાર અને ટ્રાન્સપોર્ટ વાહનો (૩-વ્હીલ પેસેન્જર) સિવાયનામાં અગાઉની બાકી રહેલ ગોલ્ડન, સિલ્વર નંબરોનું રી- ઓકશન શરૂ કરવામાં આવનાર છે,ઓનલાઇન અરજી ૧૫/૭/૨૦૨૪, સાંજે ૦૪ કલાકે શરૂ થશે. ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખ ૧૭/૦૭, સાંજે ૦૪ કલાક સુધી રહેશે. ઇ-ઓકશનની શરૂઆત તારીખ ૧૭/૦૭, સમય સાંજે ૪ કલાક સુધી, ઇ-ઓકશન સમાપ્ત તારીખ ૧૯/૦૫, સમય સાંજે ૪ કલાક સુધી થશે.

સુવર્ણ-ગોલ્ડન નંબર ફીના દર ટુ- વ્હીલરના ૮૦૦૦, અન્ય વાહનોના રૂ.૪૦,૦૦૦, રજત-સીલ્વર નંબર ફીના દર ટુ-વ્હીલરના ૩૫૦૦ તથા અન્ય વાહનો માટે રૂ.૧૫,૦૦૦ રહેશે. પસંદગીનો નંબર મેળવવા ઇચ્છતા વાહન માલિકોએ તેમના વાહનોનું રજિસ્ટ્રેશન કરાવીને પસંદગીના નંબર મેળવા http://vahan.parivahan.gov.in/fancy પર નોંધણી, યુઝર આઇ.ડી અને પાસવર્ડ મેળવી વાહન વ્યવહાર કમિશ્નરની કચેરીના પરિપત્રની સૂચનાઓ મુજબ હરાજીમાં ભાગ લેવાનો રહેશે. પસંદગીનો નંબર મેળવવા માટેની અરજી સેલ ઇનવોઇસની તારીખ અથવા વીમાની તારીખ એ બે માંથી જે વહેલું હોય તે તારીખથી ૭ દિવસની અંદર www. parivahan.gov.in વેબસાઇટ પરથી સી.એન. એ ફોર્મ ભરી લેવાનું રહેશે,આવી અરજી કર્યાની તારીખથી ૬૦ દિવસ સુધી અમલી ગણાશે.

આ રીતે ૬૦ દિવસમાં અરજદાર ચોઇસનો કોઇ નંબર નહી મેળવે અથવા ઉપલબ્ધ નંબરોમાંથી અરજદારને પસંદગીનો નંબર ફાળવી શકાશે નહી. તો અરજી તારીખથી ગણતા ૬૦ દિવસ એટલે કે છેલ્લા દિવસે રજિસ્ટ્રેશન ઓથોરીટી દ્વારા રેન્ડમ પધ્ધતિથી નંબર ફાળવી દેવામાં આવશે. જેની સામે અરજદાર કોઇ વાંધો લઇ શકશે નહી,અરજદારે હરાજીની પ્રક્રિયા પુરી થયાના ૫ દિવસમાં બીડ એમાઉન્ટના નાણા જમાં કરાવવાના રહેશે.

જો આ નિયત મર્યાદામાં નાણા ચૂકવવામાં નિષ્ફળ જશે તો મુળ ભરેલી રકમ(Base price)ને જપ્ત કરી ફરીવાર હરાજી કરવામાં આવશે, જેમાં અરજદાર કોઇ વાંધો લઇ શકશે નહી. ઓનલાઇન ઓકશન દરમિયાન અરજદારે આર.બી.આઇ. દ્વારા નક્કી કરેલા દરે ચાર્જ ચૂકવવાનો રહેશે. અસફળ અરજદારે રિફંડ માટે જે તે અરજદારના ખાતામાં SBI e-pay દ્વારા અત્રેની કચેરી દ્વારા પરત કરવામાં આવશે,તેવું પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી ભુજની યાદીમાં જણાવાયું છે.

# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ અધ્યક્ષે કચ્છીઓને નવા વરસની શુભકામના પાઠવી



ભુજ તા.૬

રાજ્યસભા સાંસદ, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ પ્રમુખ અને કોંગ્રેસના રાષ્ટ્રીય પ્રવક્તા, તેમજ અબડાસા વિધાનસભાના પૂર્વ ધારાસભ્ય શક્તિસિંહ ગોહિલે કચ્છીઓને યાદ કરીને અષાઢી બીજ અને કચ્છી માડુઓના નવા વર્ષ નિમિત્તે હાર્દિક શુભકામનાઓ પાઠવી છે. શ્રી ગોહિલે જણાવ્યું હતું કે, ઈશ્વરને પ્રાર્થના કરીએ કે અષાઢી બીજના પવિત્ર દિવસે કચ્છની ધરતી પર મેઘરાજાના અમી છાંટણા થાય, આગામી વર્ષ ખેડૂતો અને પશુપાલકો તેમજ કચ્છી માડુઓ માટે સુખ, શાંતિ અને સમૃધ્ધિથી ભરપૂર બની રહે. અષાઢી બીજનું મહત્વ કચ્છી કહેવત "અષાઢી બીજ વંડર કા વીજ" પરથી જ સમજી શકાય છે.

અષાઢ મહિનામાં મેઘરાજાના આગમનથી કચ્છની ધરતી સ્વર્ગ સમાન બની જતી હોય છે, આ વર્ષે પણ ભરપૂર વરસાદ કચ્છની ધરતી પર આવે અને કચ્છની ધરતી હરિયાળી બને તેવી તેઓએ પ્રભુને પ્રાર્થના કરી હતી.

મીઠો અસાંજો કચ્છ,મીઠા અસંજા માંડું, મીઠી અસાન્જી કચ્છી બોલી, અને મીઠી અસાન્જી પ્રીત , 'હેપી અષાઢી બીજ' મડીકે નયે વરેજી વધાયું !!!

# અંજાર ડાયાલીસીસ સેન્ટર કોની બેદરકારીથી બંધ થયું ?

અંજાર તા.૬

અંજાર પેટા જિલ્લા હોસ્પિટલમાં અંજાર આઈડેન્ટિટી મિશનના સઘન પ્રયત્નોથી કિડની રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ, અમદાવાદ દ્વારા અંજાર તાલુકાના દર્દીઓ માટે ડાયાલીસીસ સેન્ટર શરૂ કરવામાં આવેલ હતું.

જોકે આ માટે જે તે સમયે ડો. વશિષ્ઠનો પ્રતિસાદ બહુ મોળો હતો અને રૂમમાં પડેલ સામાન કાઢી રુમ ખાલી કરવા માટે આ સંસ્થાએ હોસ્પિટલના આંગણામાં આવેલ પ્રી ફેબના રૂમોમાં રુ. ૭૦,૦૦૦ ના ખર્ચે બ્લોકનું ચણતર કરાવી આપેલ ત્યારબાદ ડાયાલીસીસ સેન્ટર ચાલુ થયેલ હતું, પરંતુ હાલ આ હોસ્પિટલની મુલાકાત લેતા જાણવા મળ્યું કે અમદાવાદની સરકારી સંસ્થાએ સેન્ટર બંધ કરી દીધું છે.

અમદાવાદ ખાતેની કિડની રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટનો સંપર્ક કરતા જાણવા મળેલ કે, સ્થાનિક હોસ્પિટલના સ્ટાફના અસહકારને કારણે આ સેન્ટર બંધ કરવું પડેલ છે, આ વાતમાં તથ્ય એટલે લાગે છે કે આ હોસ્પિટલના દાતાના ભૂંસી નાખેલ નામ પુનઃ સ્થાપિત કરવા માટે ફેબ્રુઆરીમાં મંગાવેલ અહેવાલ હજી સુધી સરકારને મોકલવામાં આવ્યો નથી જે અસહકારની પ્રતિતી કરાવે છે, અહીં આવતા દર્દીઓને પૂરતો સહકાર આપવામાં નથી આવતો, સેન્ટરનો કોઈ પ્રચાર પણ કરાતો નથી, એટલું જ નહિ પણ આ દર્દીઓને સરકાર તરફથી મળતી આર્થિક સહાય મેળવવા માટે પણ કોઈ પ્રક્રિયા કરાતી નથી આને કારણે દર્દીઓ અહીં આવતા બંધ થઈ ગયા. અહીંના સ્વામિનારાયણ મંદિર તરફથી પણ એક વધુ ડાયાલીસીસ મશીન આપવાની જાહેરાત થયેલી છે, આ હોસ્પિટલની કહેવાતી રોગી કલ્યાણ સમિતિમાં મદદનીશ કલેક્ટર, તથા શહેરના કહેવાતા આગેવાનો સભ્ય તરીકે છે, તેમ છતાં શહેરની આ છીનવાઈ ગયેલી સગવડને પુનઃસ્થાપિત કરવા માટે કોઈ આગળ આવતું નથી. હવે આ લોકો તાત્કાલિક અમદાવાદની સંસ્થાનો સંપર્ક કરી પ્રથમ ડાયાલીસીસ મશીન ખસેડાઈ ન જાય તે માટે ઘટતું કરે તે તાતી જરૂરિયાત છે ત્યાર બાદ સ્ટાફને આ માટે જરૂરી સહકાર આપવા કડક આદેશ અપાય, સેન્ટર ચાલુ થયાનો પ્રચાર કરાય અને દર્દીઓને અહીં આવતા કરાય તે જરૂરી છે એક વાર સગવડ છીનવાઈ ગયા પછી ફરીથી પાછી મળવી અશક્ય છે, અમારી સંસ્થા આઈડેન્ટિટી મિશનએ પણ સરકાર લેવલે રજૂઆત કરેલ છે, આ બાબતે ધારાસભ્ય પણ પ્રયાસ કરે તેવી અપેક્ષા રાખવામાં આવે છે, તેવું અંજાર આઈડેન્ટિટી મિશનના પ્રમુખ એલ.વી.વોરા અને મંત્રી ભરત ઠક્કરની યાદીમાં જણાવ્યું હતું,

# સરકારી જમીનમાં દબાણ કરાયેલ સ્થળે અપાયેલ વીજ જોડાણ દૂર કરો

નખત્રાણા તા.૬

તાલુકાના દેશલપર (ગું) મધ્યે સરકારી જમીનમાં કરાયેલ દબાણમાં અપાયેલ ખેતી વિષયક વીજ જોડાણ અપાયું છે તે દૂર કરવા ગામના નાગરિક જગદીશ પી. દવે એ પીજીવીસીએલ ના નાયબ ઈજનેર, રવાપર ને પત્ર પાઠવી માંગ કરી છે. આ ગેરકાયદેસર વીજ જોડાણ દૂર કરવા સાથે જે વ્યક્તિના નામે આ જોડાણ હોય તેના પર કાયદેસરના પગલાં ભરવા માંગ કરી આ સ્થળના ફોટોગ્રાફ, સરકારી પડતરના નકશા વગેરે પુરાવા તરીકે અરજદારે રજુ કર્યા હતા.

# ખાવડા ગ્રુપ પ્રા.શાળામાં ૩૪ વર્ષથી ફરજ બજાવતા આચાર્યનું હૃદયરોગથી અવસાન

ભુજ તા.૬

તાલુકાના ખાવડા ગ્રુપ શાળામાં ૧૯૯૦ થી આચાર્ય તરીકે ફરજ બજાવતા જશુભાઈ ફૂલાજી નીનામાનું ૫૫ વર્ષની વયે હ્ધ્ય રોગ હુમલામાં દુઃખદ અવસાન થયું છે.

મૂળ તેઓ સાબરકાંઠા જિલ્લાના વિજયનગર તાલુકાના મોદરી ગામના રહેવાસી પરંતુ કચ્છને પોતાનું વતન બનાવનાર જશુભાઈએ તેમના સરળ અને સૌમ્ય સ્વભાવના કારણે આ વિસ્તારમાં ખુબજ લોકચાહના મેળવી હતી, આ વિસ્તાર આંતરિયાળ હોઈ અહીં આવતા શિક્ષકોને કોઈ મુશ્કેલી ન પડે તે માટે સદાય તત્પર રહેતા હતા અહીં આવનાર શિક્ષકને તેઓ એક આચાર્ય તરીકે નહીં પણ વાલીની ભૂમિકા ભજવતા હતા અહીં આવનાર શિક્ષકને કોઈ પણ મુશ્કેલી ન પડે તે માટે હમેંશા પ્રયત્નશીલ રહેતા હતા,તેમનું આ



વિસ્તારમાં શિક્ષણ જાગૃતિ માટે ખૂબ મોટું યોગદાન રહ્યું છે.

હૃદય રોગનો હુમલો આવતા આજે વહેલી સવારે તેમણે અંતિમ શ્વાસ લીધા હતા, તેમની ફરજના હજી ત્રણ વર્ષ બાકી હતા, તેઓ તેમની પાછળ બે બાળકો અને પત્નીને વલોપાત કરતા છોડી ગયા છે, જશુભાઈના મૃત્યુના સમાચાર સાંભળી આ વિસ્તારના હિન્દુ-મુસ્લિમ સમાજના લોકો તેમના ખાવડા ખાતેના નિવાસસ્થાને દોડી આવ્યા હતા, તેમના નિધનથી આ વિસ્તારમાં શોકનું મોજું ફરી વળ્યુ છે, તેમના પાર્થિવ દેહને તેમના માદરે વતન લઈ જવામાં આવ્યો છે.

# આજે ગાંધીધામ જૈન સંઘના આંગણે શક્રસ્તવ મહાઅભિષેક

ગાંધીધામ, તા.૬

ગાંધીધામ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘના આંગણે આજે તા. ૦૭/૦૭ ને રવિવારના રોજ સવારના ૬:૧૫ કલાકે, શક્રસ્તવ મહાઅભિષેક યોજાશે. અધ્યાત્મયોગી પરમ પૂજ્ય આચાર્ય કલાપૂર્ણ સુરીશ્વરજી મહારાજ સાહેબના શિષ્યરત્ન સુવિશાળ ગચ્છાધિપતિ અધ્યાત્મનિષ્ઠ પરમ પૂજ્ય આચાર્ય કલ્પતરુ સુરીશ્વરજી મહારાજના આજ્ઞવર્તી પ્રભુભક્ત, સરલ સ્વભાવી પરમ પૂજ્ય આચાર્ય અનંતયશ સુરીશ્વરજી મહારાજ સાહેબ તથા પરમ પૂજ્ય પંન્યશપ્રવર અનંતજ્ઞાન વિજયજી મહારાજ સાહેબ આદી ઠાણાની પાવન નિશ્રામાં રવિવાર અષાઢ સુદ બીજના સવારના ૬:૧૫ કલાકે, ગુરુભક્ત પરિવારના સૌજન્યથી, ગાંધીધામ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘના ઉપક્રમે શક્રસ્તવ મહાઅભિષેક યોજનાર હોવાનું માંડવી તપગચ્છ જૈન સંઘના પૂર્વ ટ્રસ્ટી દિનેશ મણીલાલ શાહે જણાવ્યું હતું.

Printer, Publisher and Owner : Jay Dineshbhai Dave, Printed at NIDHIRESH PRINTERY, Plot No. 50, KailashDham Society, Nr. Ruda Transport Nagar, SatHanuman Temple, Navagam, Rajkot, Published from 9, Matrubhav, Satyam Society, Bhuj - Kutch. Editor : Jay Dineshbhai Dave Responsible for News Under PRB Act

## આજે કચ્છી નવુ વર્ષ અષાઢી બીજ



# કચ્છી બોલી વિશે વધુ સંશોધન ની જરૂર છે



જાણ્યું અજાણ્યું
ડૉ.મિહિર એમ.વોરા

સાત જુલાઈ ના આ વખતે કચ્છી નવા વર્ષ તરીકે અષાઢી બીજ ની સૌ ભાઈ બહેનો ને વધામણી," ગઝણ ગજે ને મોરલા બોલે, મથે ચમકે તિ વિજ હલો પાંજે કચ્છડે આવી અષાઢીબીજ".આપ સૌને અષાઢી બીજની શુભકામના સાથે ખાસ વાત એ કે કચ્છી બોલી વિશે જાણવું જરૂરી છે અને તેના વિશે નવું સંશોધન જરૂરી છે. કચ્છીને પોતાની લિપિ નહીં હોવાને કારણે કચ્છીઓ વ્યવહારમાં ગુજરાતી લિપિ વાપરે છે.ત્યારે તમામ કચ્છ ની યુવા પેઢી પોતાની પોતીકી બોલી વિશે જાણે તે જરૂરી છે ,લેખકે અહીં માત્ર માહિતી આપવાનો પ્રયત્ન કરેલો છે જેની નોંધ લેવી...સદીઓથી અસ્તિત્વ ધરાવતી કચ્છી બોલીનું સાહિત્ય કંઠોકંઠ સચવાયેલું છે. કચ્છ રાજના સમયમાં રાજ વ્યવહાર પણ કચ્છીમાં ચાલતો હતો. તેને રાજભાષાનો દરજ્જો અપાયો હતો અને તે 'જાડેજી'ભાષા તરીકે પણ ઓળખાતી હતી.કચ્છની અનેક જાતિના લોકો કચ્છી બોલે છે.

મુસ્લિમો, મેઘવાળ,રાજપૂત જાડેજા,ભાનુશાળી,લોહાણા,રાજગોર બ્રાહ્મણ, વિસા ઓસવાળ અને દસા ઓસવાળ જૈન, ભાટિયા,રબારી લોકો કચ્છીનો રોજબરોજની ભાષા તરીકે પ્રયોગ કરે છે કચ્છની લિપિ યોજવી હોયતો તેના ધ્વની ઘટકો નિયત કરવા પડે.કચ્છીના લખાણની રૂઢરીતિને ધ્યાનમાં રાખીને ગુજરાતીની લિપિ અપનાવી છે. ત્યારે મહેન્દ્ર દોશી નો -કચ્છ અર્પણ-ડીસેમ્બર ૨૦૧૦ૃ અને જુલાઇ ૨૬, ૨૦૧૪, ભાવરેંજો ભેરપો.માં આવેલો લેખ વાંચવા જેવો છે છે તેના જણાવ્યા મુજબ આના માટે ભૂતકાળના કેટલાંક પાના ઉથલાવવા જરૂરી છે.તેમના અવલોકન પ્રમાણે વાંચો

૧ નારાયણજી જોબનપુત્રાએ ઇ.સ. ૧૯૨૦માં 'ૐ' માંથી એક લિપિ બનાવી હતી. તેમણે આ લિપિમાં"કચ્છીભાષાની પેલી ચોપડી" નામથી પ્રકાશિત કરી હતી.

૨ લાલજી નાનજી વકીલે પણ પ્રયત્ન કરેલ."કચ્છી નવલિપિ" આપી

૩ વ્રજલાલ ભગવાનલાલ છાપાએ "સ્વદેશ" સામાયિક ૧૮૮૯ ના અંકમાં પ્રયત્ન કર્યો. જેમાં પ્રથમવાર કચ્છી શબ્દો ઉચ્ચારોના વર્ણો મૂકેલ છે

૪ રામસિંહજી રાઠોડે "ખોજકી લિપિ" શોધવાની નોંધ મળે છે. (સંદર્ભ-'કચ્છ રચના-દિપોત્સવી અંક-ઓકટોબર ૧૯૭૬ "કચ્છ લિપિ ઈતિહાસ". રાનસિંહજી રાઠોડ-પાના-૧૮. આ લિપિનો ઉપયોગ ખોજા લોકો લખવામાં અને શાળામાં કરતા હતા. ૧૭૩૭ ની ઉપલબ્ધ પ્રત અને ૧૯૩૨ની ઉપલબ્ધ પ્રતમાંથી રાઠોડે ખોજકી લિપિના વર્ણો તારવેલ છે.

૫ રાઠોડે આઠમી સદીના ભંભોરના ખોદકામમાંથી મળેલ માટીનાં માપિયાં પર જે લિપિ અંકિત થયેલ છે તે નાગરી શૈલીની છે, આ લિપિને પ્રથમ કચ્છીલિપિ તરીકે ઓળખાવાય છે.આ પરથી સાબિત થાય છે કે પહેલાં કચ્છીલિપિ હતી. આ સિવાય પણ "મામઈ" દેવની વાણીની પોથીની લિપિ "વણીક અખર" - એ લુહાણા-ભાટિયાની હટાઈ ભાષા - નારાયણ સરોવરના ગોરના ચોપડાની સહીઓમાં જૂની લિપિ જોવા મળે છે. ચસંદર્ભ-કચ્છ રચના.

## કચ્છના ભૂસ્તરનો ઈતિહાસ ૧૫ કરોડ વર્ષ જૂનો છે

કચ્છી ભાષાના સંદર્ભમાં એ સમયની ૨"ટ૪"ની ગોળ છીપ મળી આવી છે, જે આધારે કેટલીક હકીકત મેળવી શકાય છે. ચસંદર્ભ-કચ્છ મ્યુઝિયમની શતાબ્દિ ઉજવણીનો અંકૃ૧.લોથલ સંસ્કૃતિના અવશેષો અને સિંધુ સંસ્કૃતિની અર્ધ ચિત્રાત્મક અક્ષરાત્મક લિપિ મળી આવેલ છે. જેને ઉકેવા માટે ડૉ. રાવે ચકર્ણાટકૃ રશિયન વૈજ્ઞાનિકની મદદથી લિપિને ઉકેલવાના પ્રયત્ન કરેલ પરંતુ અંશતઃ સફળ થયેલ. ચસંદર્ભ-ટાઈમ્સ ઑફ ઈન્ડિયા, પૂના,૧૬.૯.૮૦ૃ ૨.કચ્છમાં પહેલી સદીથી ૧૭મી સદી સુધીના ઉત્કીર્ણ લેખો ઉપલબ્ધ છે. તેમાં આઠ ક્ષત્રપકાલીન લેખો પણ છે. જેમાં બ્રાહ્મી લિપિવાળી ગુફા નાડાપા ચકચ્છૃ ની પૂર્વે ભૂરી ગડામાંથી મળી આવેલ છે. ચગુજરાતના ઐતિહાસિક લેખો-ગ્રંથ ૧માં ઉપલબ્ધ છે- આ ઉપરાંત કચ્છ મ્યુઝિયમમાંથી માહિતી ઉપલબ્ધછેૃ૩.ઈ.સ.આઠમી સદીની ભંભોરની લિપિ પણ અભ્યનસનીય છે.ચસંદર્ભ-કચ્છ રચના-ઓક્ટોબર-૧૯૭૬ૃ૪ઈ.સ.૧૧૪૭ થી ૧૯૪૭ સુધી પુરાં આઠસો વર્ષ કચ્છ પર જાડેજાઓનું રાજ હતું. આ સમય દરમ્યાન "જાડેજા ભાષા" વિકસી હતી.૫.ઈ.સ. ૧૦૬૫ થી ૧૨૦૩ ગુજરાતની સોલંકી સત્તાનું રાજ હતું. આ સમય દરમ્યાન ગૌર્જર અપભ્રંશના અનેક ધાતુઓને શબ્દોનું કચ્છીકરણ થયું, કચ્છી સિંધિથી દૂર થઈ ગુજરાતીને નજીક થવા માંડી. વધુમાં ગુજરાતના વાઘેલા અને રાજસ્થાન સિંધના સોઢા વચ્ચેના સંબંધો વિકાસ પામ્યા. આથી કચ્છી જાડેજાની પિતૃભાષા અને માતૃભાષા ગુજરાતી બની.ચસંદર્ભ-કચ્છ-દર્શન-શ્રીશંભુદાન ગઢવીૃકચ્છમાં કેળવણી ગુજરાતી ભાષામાં શરૂ થઈ સરકારી ગેઝેટિયરની નોંધ જોઈએ તોૈં-હ ૧૮૫૪ રીાિુક્રજર્હક્ષઅર્હી દ્દીહિક્રછેક્ષક્ર જિર્ષ્ઠર્ર્ક્ષૈ હ મ્રેદ્ધ. કચ્છી બોલીને વિકાસ અને કચ્છી લિપિ માટે સઘન પ્રયત્ન કરવામાં આવેલ જ છે. કચ્છી ભાષાના લેખનમાં એક વાક્યતા જળવાય તે દષ્ટિએ કચ્છીભાષાની જોડણી અંગે અંગે કચ્છી બોલીના ઉચ્ચારણો મુજબ જોડણી થઈ શકે તે માટે ૧૮ સૂચનો ડૉ.શાંતિભાઈ આચાર્યે સૂચવેલ છે. ચસંદર્ભ-વિદ્યાપીઠ- જુલાઈ-ઓગસ્ટ-૧૯૮૬-કચ્છી ભાષાની જોડણીૃ "કચ્છી બોલી આજે જીવંત છે છે કારણ કે કવિ વ્રજ ગજકંધ ,પ્રતાપરાય ત્રિવેદી, દુલેરાય કારાણી, કવિ "તેજ", મહેન્દ્ર દોશી ,નારાયણ જોશી "કારાયલ", ડૉ.વિસન નાગડા, જયંતિ જોશી 'શબાબ", ગૌતમ જોશી,ધનજી ભાનુશાલી ,લાલજી મેવાડા ,કવિ કનુભાઈ જોશી ,કવિમદન કુમાર અંજારિયા ,કીર્તિભાઈ ખત્રી,ડો.કાંતિભાઈ ગોર બાબુલાલ ગોર,માવજી મહેશ્વરી ,ડો.રમેશ ભટ્ટ ,ડો.મંજુલા ભટ્ટ કવિ વીશ્રામ ગઢવી ,કવિ જયેશ ભાનુશાળી, નવીન પટેલ ,ગોવર્ધન પટેલ કવિ ,સંજય ઠાકર ,કવિ ગુલશન ,ડો સ્વ ઉમિયાશંકર અજાણી, ઉષ્મા બેન શુક્લ , કાજલ ઠક્કર ,કૃષ્ણકાંત ભાટિયા , અરુણા ઠક્કર તેમજ અનેક નામી અને અનામી લેખકો અને કવિઓ ઈત્યાદિ સાહિત્યકારોને હાથે 'કચ્છી' આજે શિષ્ટભાષાનું સ્થાન માણી રહી છે, કચ્છી બોલી પોતાનું આગવું બંધારણ ધરાવે છે અને આગવો મિજાજ ધરાવે છે . આમાં ગણા કચ્છી માં લેખ અને કવિતા લખતા લેખકો અને કવિઓ ના નામ રહી ગયા હોય તો માફી આપશો .તે તમામ ને પણ વંદન છે કચ્છી ભાષા જીવંત રાખવા માટે. દરેક કચ્છી લોકોએ પોતાની બોલી ને બચાવાયા પ્રયત્નો કરવા જોઈએ તેવું મારું માનવું છે .કચ્છ યુનિવર્સિટી માં ચાલતા કચ્છી ભાષા ના સંવર્ધન કેન્દ્રમાં આ બાબતે ખાસ સંશોધન ની જરૂર છે .નવી પેઢી એ આના ઉપર વધૂ સંશોધન કરવું જોઈએ તે જરૂરી છે.

# વરણું રોડ ઉપર સ્કોર્પિયો ગાડીમાંથી ૩.૯૦ લાખનો દારૂ પકડાયો



આડેસર તા.૬

આડેસર પોલીસે પેટ્રોલિંગ દરમ્યાન બાતમી આધારે વરણુ રોડ ઉપર ટગા ત્રણ રસ્તા પરથી સ્કોર્પીયો ગાડીમાંથી ૩ લાખ ૯૦ હજારનો દારૂ પકડી પાડ્યો છે.

પોલીસ વડાઓની સુચના અને માગદર્શન મુજબ આડેસર પોલીસ સબ ઈન્સપેક્ટર વી.પી.આહીર તથા પોલીસ સ્ટાફના માણસો પો.સ્ટે.વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન પો.સ.ઈ.વી.પી. આહીરને મળેલ બાતમી આધારે વરણું રોડ પર આવેલ ટગા ત્રણ રસ્તા પરથી સફેદ કલરની સ્કોપીયો ગાડીમાંથી ભારતીય બનાવટ ના વિદેશી દારૂના જથ્થા સાથે આરોપી પ્રવિણકુમાર ક્રિષ્નારામ બિશ્નોઈ (રહે. ગામ.૫૨,તા. સાંચોર રાજસ્થાન)ને પકડી પાડી પ્રોહિ,એકટની કલમ તળે ગુનો રજીસ્ટર્ડ કરી કાર્યવાહી કરવામાં આવેલ છે.

આ ગાડીમાંથી મળી આવેલ જુદી જુદી બ્રાન્ડની કુલ્લ ૨,૩૫૨ દારૂની બોટલ કિં. રૂ.૩,૯૦,૯૦૦ સાથે આરોપીનો મોબાઈલ કિં. રૂ.૫,૦૦૦ તથા સ્કોર્પીયો ગાડી રૂ.૫,૦૦,૦૦૦ એમ કુલ્લ રૂ.૮,૯૫,૯૦૦ નો મુદામાલ હસ્તગત કરવામાં આવ્યો હતો, આ ગુનામાં ભાગી જનાર આરોપી રમેશકુમાર બિશ્નોઈ(રહે. સાંચોર રાજસ્થાન), દારૂ ભરી આપનાર મોહબતસિંહ(રહે. સાંચોર) અને દારૂ મંગવનાર અને તપાસમાં જે નીકળે તેની ધરપકડ કરવાની બાકી રહે છે.

# ગાગોદર પોલીસે અંજારના વ્યાજખોરને ઝડપી પાડ્યો

ગાંધીધામ તા.૬

ગેર કાયદેસર નાણાં ધીરનારનો ધંધો કરતા એક ઈસમને ઝડપી પાડી ધાક બેસાડતી કાર્યવાહી કરી હતી.

પોલીસ વડાઓના માગદર્શન અને સુચના અનુસાર ગાગોદર પોલીસ સબ ઈન્સ. ડી.જે.પ્રજાપતિ તેમજ ગાગોદર પોલીસ, ગાગોદર પોલીસ સ્ટેશન વિસ્તારના ગામોના નાગરીકોની સુખાકારી અને શાંતિ માટે પોલીસ સ્ટેશન હદ વિસ્તારના ગામોમાં રહેતા નાગરીકોને પૈસાની જરૂરીયાત રહેતી હોય છે તે મુજબ પૈસા મેળવતા હોય છે પરંતુ ઘણી વાર લોકો ગેરકાયદેસરના વ્યાજખોરોની ચુંગલમા ફસાઈ જતા હોય છે, ભોગ બનનાર વિષચક્રમાં આવ્યા પછી સરળતાથી નીકળી શકતા નથી અને વ્યાજખોરોના માનસીક ત્રાસના કારણે આત્મહત્યા કરવા સુધી પહોંચી જતા હોય છે. આવી પ્રવૃતી નાબુદ કરવા ગાગોદર પોલીસ કટીબધ્ધ છે જે અનુસંધાને ભોગ બનનારની ફરિયાદ આધારે કમલેશ ગંગારામ પંડયા (મારાજ) રહે.અંજાર,ને પકડી પાડી ગુનો દાખલ કરી કાર્યવાહી કરવામાં આવી હતી. સદર ગુના કામેના પકડાયેલ ઈસમ વિરુધ્ધ અન્ય કોઈ વ્યક્તિ ભોગ બનેલ હોય અથવા અન્ય કોઈ બીજા વ્યાજખોરો વિરૂધ્ધ ફરિયાદ હોય તો ગાગોદર પોલીસ સ્ટેશનના નંબર :૬૩૫૯૬ ૨૯૦૭૪ પર સંપર્ક કરવા જાહેર અનુરોધ કરાયો છે.

# લ્યો કરો વાત, ચાર મોટર સાયકલ ચોરનાર બાળ કિશોર નિકળ્યો !



ભુજ તા.૬

પશ્ચિમ કચ્છ પોલીસ વડાઓના માર્ગદર્શન અને સુચના અન્વયે બી ડીવીઝન પોલીસ ઈન્સ્પેક્ટર આર. જે.ઠુમરના માર્ગદર્શન હેઢળ સર્વેલન્સ સ્ટાફના માણસો ભુજ બી ડીવીઝનમાં નોંધાયેલ ફરિયાદ મુજબ વાગડ બે ચોવીસી સમાજવાડી પાસેથી ચોરી થયેલ હોન્ડા કંપનીની એક્ટીવાને શોધવા કાર્યરત હતા તે દરમ્યાન પો. હેડ. કોન્સ. મયુરસિંહ ઈન્દ્રસિંહ જાડેજા તથા એ.એસ.આઇ. નિલેશ ભટ્ટ ને સંયુક્ત બાતમી મળેલ કે આ ચોરી થયેલ હોન્ડા કંપનીની એક્ટીવા એક ઈસમ આત્મારામ સર્કલથી ભુજીયા રિંગરોડ તરફ લઈને જઈ રહેલ છે તેવી બાતમી મળતા તુરત જ પોલીસ સ્ટાફના માણસોએ વર્કઆઉટ કરી મજકુર ઈસમને ચોરીમાં ગયેલ એકટીવા સાથે રાઉન્ડ અપ કરી લઈ યુક્તિ પ્રયુક્તીથી પુછપરછ કરતા કાયદાના સંઘર્ષમાં આવેલા આરોપી એવા આ બાળ કિશોરે અન્ય ત્રણ જગ્યાએથી મોટર સાયકલ ચોરી કર્યાની કબુલાત આપી હતી જેની તપાસ કરતા અલગ-અલગ પો.સ્ટેના અન્ય ત્રણ ભુજ એ ડીવીઝન પો.સ્ટે.,માનકુવા પો.સ્ટે. અને માંડવી પો.સ્ટે.માં નોંધાયેલા ગુનાનો ભેદ ઉકેલાયો હતો, આ બાળ કિશોર પાસેથી હોન્ડા કંપનીની બે એક્ટીવા તેમજ બે હીરો સ્પ્લેન્ડર બાઈક, એમ ચાર ટુ વ્હીલર વાહનો રિકવર કરવામાં આવ્યા હતા.

આ કામગીરીમાં પો.ઈન્સ. આર.જે.ઠુમરના માર્ગદર્શન હેઠળ એ.એસ.આઇ. નિલેશ ભટ્ટ,પો.હેડ. કોન્સ. મયુરસિંહ જાડેજા, મહાવીર સિંહ જાડેજા, રાણાભાઈ કોલા, કોન્સ. વિજયજી ઠાકોર, રાજ જેસર, કિરીટસિંહ જાડેજા એ જોડાઈને કરી હતી.

કચ્છમા અને ખાસ કરીને શહેરી વિસ્તારોમાં વાહનચોરીનુ દુષણ વધ્યુ છે. ભુજમાં ખુલ્લેઆમ બાઈકચોરીના દ્રશ્યો પણ સામે આવ્યા હતા ત્યારે એ ડીવીઝન બાદ બી ડીવીઝન પોલીસે પણ બાઈક ચોરીનો પ્રર્દાફાસ કર્યો છે.જો કે ફરીયાદ ન નોંધાઇ હોય તેવી અંસખ્ય બાઈક ચોરીઓ થાય છે.

# માધાપર નજીક બાઈક સવાર દંપતીનું કરૂણ મોત



ભુજ તા.૬


ભુજની ભાગોળે આવેલા માધાપર હાઈવે શનિવારે એક ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો જેમાં બે વ્યક્તિ મોતને ભેટી છે. બાઈક સ્લીપ થયા બાદ ટ્રકની ઠોકરે ચડી જતા અંજાર તાલુકાના ખંભરા ગામના બાઈક સવાર પતિ પત્નીના ઘટનાસ્થળે જ કમકમાટી ભર્યુ મોત નિપજયુ હતુ બાઈક સવાર અકસ્માતનો ભોગ બનતા લોકોની ભારે ભીડ ભેગી થઈ હતી ઘટના બાદ ટ્રેલરનો ચાલક ફરાર થઇ ગયો હોવાની પ્રાથમીક વિગત સામે આવી છે.પ્રાથમિક જાણકારી મેળવી માધાપર પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. શનિવાર સાંજે માધાપર બાયપાસ નજીક નળ સર્કલ પાસે સર્જાયેલા આ અકસ્માતમાં બાઈક સ્લીપ થયેલું બાદમાં બાઈક ટ્રકની ટક્કર વાગતા ઘટનામાં અંજાર તાલુકાના ખંભરા ગામના ૩૮ વર્ષીય મેઘજી હરિલાલ વણકર અને તેમના પત્ની જ્યોતિબેન વણકરનું ગંભીર ઈજાના કારણે મૃત્યુ થયા હતા. તેમના મૃતદેહો ને જીકે જનરલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા અને વધુ તપાસ પોલીસ દ્વારા શરૂ કરાઇ છે. અકસ્માત બાદ ટ્રેલર ચાલક ફરાર થઇ ગયો હોવાની વિગતો સામે આવી છે.જો કે પોલીસે ગુન્હો નોંધવા સાથે અકસ્માત સર્જનાર ટ્રક ચાલકને પકડવા ચક્રો ગતિમાન કર્યા હતા. કચ્છમા અકસ્માતોની સંખ્યા વધી છે તાજેતરમાંજ ભુજ નજીકના સુખપર નજીક સર્જાયેલા અકસ્માતમાં બે વ્યક્તિના કમકમાટી ભર્યા મોત નીપજ્યા હતા. ભુજ અને તેની આસ પાસથી નિકળતા ભારે વાહનો ભારે જોખમ સર્જી રહ્યા છે. ત્યારે તે વાહનોની ઝડપ કન્ટ્રોલમાટેપણડ્રાઈવયોજાયતેજરૂરીછે.

# ગુજરાતમાં સાત દિવસ સાર્વત્રિક વરસાદની આગાહી

અમદાવાદ, તા. ૬

હવામાન વિભાગે ગુજરાત રાજયમાં આગામી સાત દિવસને લઇને વરસાદની આગાહી કરી છે. સાત દિવસ સુધી રાજ્યમાં સાર્વત્રિક વરસાદ રહેશે. જોકે કેટલાક જિલ્લા અતિભારે વરસાદ તો ક્યાંક હળવા વરસાદી ઝાપટાં વરસી શકે છે. આજે દક્ષિણ ગુજરાતના ૭ જિલ્લામાં ઓરેન્જ એલર્ટ તેમજ સૌરાષ્ટ્ર અને મધ્ય ગુજરાતના કેટલાક જિલ્લામાં યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. ત્યારે આજે નવસારી, વલસાડ જિલ્લામાં વરસાદ વરસ્યો છે તેમજ જાફરાબાદના દરિયાકાંઠે ભારે કરંટ જોવા મળ્યો હતો. દક્ષિણ ગુજરાત માં વરસી રહેલા ધોધમાર વરસાદને કારણે ડાંગ, સાપુતારા વિસ્તારમાં ઝરણાં અને ધોધ વહેતાં થતાં પ્રકૃતિ સોળે કળાએ ખીલી ઊઠી હતી.૬ વાગ્યાથી ૧૦ વાગ્યા સુધીમાં રાજ્યના ૨૫ તાલુકામાં હળવાથી મધ્યમ વરસાદ નોંધાયો છે. ગુજરાતમાં ધીમી ધારે વરસી રહેલા વરસાદે છેલ્લા ચોવીસ કલાકમાં દક્ષિણ ગુજરાતમાં સાર્વત્રિક વરસાદ વરસાવ્યો છે જેમાં સુરત જિલ્લાના ઉમરપાડા તાલુકામાં ૧૨૪ મિ.મી એટલે કે ૪.૯૬ ઈંચ, નવસારી જિલ્લાના વાંસદા તાલુકામાં ૧૧૪ મિ.મી એટલે કે ૪.૫૬ ઈંચ, વલસાડ જિલ્લાના કપરાડા તાલુકામાં ૧૧૩ મિ.મી એટલે કે ૪.૫૨ ઈંચ, વરસ્યો હોવાના અહેવાલો છે. રાજ્યના સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર દ્વારા મળેલા અહેવાલો મુજબ આજે તા.૦૬/૦૭/૨૦૨૪ના રોજ સવારે ૬.૦૦ કલાક પુરા થતા ૨૪ કલાક દરમિયાન રાજ્યના ૬૧ તાલુકાઓમાં નોંધપાત્ર વરસાદ વરસ્યો છે.

# કચ્છી નુતન વર્ષ-અષાઢી બીજની શુભકામનાઓ આપતા રાજ્યપાલ




અમદાવાદ, તા. ૬

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે કચ્છમાં અને કચ્છ બહાર વસતા સૌ કચ્છી ભાઈ-બહેનોને અષાઢીબીજના પવિત્ર પર્વની-કચ્છી નૂતન વર્ષની શુભકામનાઓ પાઠવી છે.આચાર્ય દેવવ્રતે આ અવસરે શુભકામનાઓ પાઠવતાં કહ્યું છે કે, આ દિવસ આપણ ને આપણા સમૃદ્ધ સાંસ્કૃતિક વારસા અને પરંપરાઓની પણ યાદ અપાવે છે.અષાઢી બીજથી ખેતીનું નવું ચક્ર શરૂ થાય છે. ખેડૂતો નવા પાકની વાવણી શરૂ કરે છે. આ પર્વ નવી આશાઓ, નવી સંભાવનાઓ અને નવી ઊર્જાથી સભર છે. આપણે પ્રકૃતિ સાથેનું આપણું જોડાણ મજબૂત કરીએ અને પૃથ્વી માતા પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરીએ. રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે કહ્યું કે, કચ્છની ધરા હંમેશા તહેવારો અને પરંપરા માટે જાણીતી છે. રથયાત્રા અને અષાઢી બીજનો તહેવાર આપણી એકતા, ભાઈચારા અને સામૂહિકતાની ભાવનાને પણ મજબૂત બનાવે છે. કચ્છી નવું વર્ષ કચ્છ અને કચ્છીઓ ઉપરાંત આપણા સૌ માટે સુખ, સમૃદ્ધિ અને સારું સ્વાસ્થ્ય આપે એવી પ્રાર્થના સાથે સૌને કચ્છી નવા વર્ષની ખૂબ ખૂબ શુભેચ્છાઓ!

# કચ્છના મીઠા ઉદ્યોગ માટેની ફાઈલો પાસ કરવા મસમોટો ભ્રષ્ટાચાર થાય છે !

**વાગડ વિસ્તારમાં થયેલ હત્યા પાછળ મુખ્ય સૂત્રધાર કોણ છે એક જ યુવા નેતાનો વિકાસ કેમ થાય એની ઉપાધી કોણ કરે છે આવા અનેક સવાલો સાથે ભુજના જાગૃત નાગરીકે પત્રકાર પરિષદ સંબોધી સીબીઆઇ તપાસની માંગ કરી હતી.જો કે એ મોટા નેતાનુ નામ તેમણે જાહેર કર્યુ ન હતુ.**





ભુજ તા.૬

કચ્છમાં મીઠા ઉત્પાદનની સિધ્ધીઓને જોઇને આપણે જે રીતે ગર્વ લઇએ છીએ તે રીતે તેની પાછળ ચાલતા કાળા કારોબાર અંગે પણ એકવાર વિચારવા જેવુ ખરૂ મીઠાની ગેરકાયદેસર હેરફેરથી લઇ ગેર-કાયદેસર મીઠા ઉત્પાદન અને તેમા થતા ભષ્ટ્રાચારા સંમયાતરે સામે આવે છે. તાજેતરમાંજ તેમાં ખેલાયેલા ખુની ખેલને કારણે મીઠા ઉદ્યોગ ફરી ચર્ચામા આવ્યુ છે ત્યારે આ બાબતમા ચાલતી લોલમલોલ અંગે સનસનીખેજ આર-ોપો લગાવાયા છે. ભુજના ધારાશાસ્ત્રી અને કોગ્રેસ કિસાનસેલના આગેવાન એચ.એસ.આહિરે છેલ્લા ૧૦ વર્ષથી નાના અગરિયાઓની ફાઈલ રીન્યુ પણ થતી નથી, જયારે મોટા ઉદ્યોગોને હજારો હેક્ટર જમીનની લ્હાણી કરાતી હોવાના આક્ષેપ સાથે પત્રકાર પરિષદ યોજી ચોંકવનારી હકિક્તો ઉજાગર કરી છે.છેલ્લા કેટલાક સમયથી સફેદ મીઠ-ામાંથી કાળા નાણાં કમાવી લેવા કેટ-લાક મીઠા માફિયાઓ એડીચોટીનું જોર લગાવી વહીવટીતંત્ર પાસે ગેરકાયદેસર કામો કઢાવી રહ્યા છે, મીઠા માટે જમીન મંજુર કરવાથી લઈને સરકારી જમીન પર ગેરકાયદેસર કબજો જમાવવા સુધી એક યુવા નેતા જિલ્લા વહીવટી તંત્ર અને સરકારમાં દબાવ બનાવી રહ્યા છે, આ મીઠા ઉદ્યોગમાં આચરવામાં આવતા ભ્રષ્ટાચાર અંગે વિગતો આપ તા જણાવ્યું હતું કે, ભચાઉ તાલુકાના જંગી અને સુરજબારી વાળા દરિયાઈ વિસ્તારમાં આવેલ હડકિયા લિક એ ગીચ ચેરિયાના જંગલોનો વિસ્તાર છે. જેના પર હજારો ખારાઇ ઉંટો અને માલધારીઓ ચરિયાણ અને આજીવિકા અર્થે પૂર્ણ રૂપે આધારિત છે, છેલ્લા પાંચ વર્ષથી મીઠાના કારખાના વાળા દ્વારા નિકંદન કાઢવામાં આવી રહ્યું છે. આ બાબતે માલધારી સંગઠનોએ મુખ્યમંત્રી સહિત સંબંધિતોને લેખિત જાણ કરાઈ પણ કોઈ કાર્યવાહી થઈ નથી.વર્ષ ૨૦૧૯ માં નેશનલ ગ્રીન ટ્રીબ્યુનલમાં આ કૃત્ય રોકી જે સ્થળે ચેરિયાનું નિકંદન થયેલ છે ત્યાં નવા ચેરિયાનું વાવેતર કરવાનો ચુકાદો આવી ગયેલ હોવા છતાં નિકંદન અટકાવાયું નથી, તેમના આક્ષેપ મુજબ રાજ્યના એક મોટા નેતાના કહેવાતા નજીકના નેતા દ્વારા ચેરિયાના કુદરતી જંગલનો નાશ કરવામાં આવી રહ્યો છે.હડ-કિયા કીકની પાણીની ચેનલો અને કુદરતી વહેણને મોટા પાળા બનાવીને દરિયાની ભરતીના પાણીને રોકવામાં આવી રહ્યું છે, ચેરિયાના વિનાશના કારણે લુપ્ત થતી પ્રજાતિ ખારાઈ ઊંટના અસ્તિત્વ પર ખતરો મંડરાઈ રહ્યો છે, સુરજબારી વિસ્તારમાં હજારો એકર દબાણ થયું છે પણ તંત્ર કોઈ કાર્યવાહી કરતું નથી. સફેદ મીઠાનો કાળો કાર-ોબાર હાલ રક્તર્જિત થયેલ હોવા થતા તંત્રની ઉદાસી હજી વધુ કોઈ અઘટિત ઘટના બંને એની રાહ જોઈ રહ્યો છે કે કેમ ? જિલ્લા વહીવટીતંત્રની એવી કઈ લાચારી છે કે ચેરિયાના નિકંદન સામે કોઈ કાર્યવાહી કરતુ નથી ? જંગી વિસ્તારમાં ઉંટ માલધારીઓ ચરિયાણ માટે જાય છે તો ત્યાં હથિયાર ધારી શખ્સો માલધારીઓને ધાકધમકી કરી ભગાડી મુકે છે, કોઈ વધુ જાનહાની થશે ત્યારે જ તંત્ર જાગશે કે કેમ? આવા અનેક સવાલો સાથે એડવોકેટ આહિરે ઉમેર્યું હતું કે,અમારી એક જ માંગણી છે કે મીઠાના ફાઈલોમાં થતા ભ્રષ્ટાચાર અને દબાણ બાબતે તંત્ર સત્ય હકીકત જાહેર કરે, નાના અગરિયાઓની તમામ ફાઈલો સત્વરે રીન્યુ થાય, તેમજ વાગડ વિસ્તારમાં થયેલ હત્યા પાછળ મુખ્ય સુત્રધાર કોણ છે ? અને મીઠાની અરજીઓમાં થયેલ ભ્રષ્ટાચાર બાબતે સરકાર સી.આઈ.ડી. પાસે તપાસ કરાવે.

## આ આક્ષેપો પણ ગંભીર છે તપાસ થશે?

મીઠાના એક મોટા કૌંભાડનું ઉદાહરણ ટાંકતા જણાવ્યું હતું કે, નીધી માઈનીગ પ્રા. લી. કંપનીના લેટર તા.૨/૪/૨૦૦૯ પરથી જણાય છે કે તેઓએ અરજી કચ્છ જિલ્લાના ખાવડા વિસ્તારમાં કરેલી છે, ત્યાર બાદ ૧૦ વર્ષ સુધી આ પ્રકરણ બાબતે કોઈ કાગળ કામ કરેલ નથી તેમ છતાં ૧૦ વર્ષ પછી લખપત વિસ્તારમાં સ્થળ ફેર કરી વગ વાપરીને વિવિધ સંલગ્ન સરકારી વિભાગો જેવા કે સર્કલ ઓફીસર, દયાપર, મામલતદાર કચેરી, નાયબ કલેક્ટર નખત્રાણાનો બે બુનિયાદ અભિપ્રાય મેળવી માંગણી ખાવડા વિસ્તારની હોવા છતાં લખપત તાલુકા નજીક દર્શાવી અભિપ્રાય મેળવવામાં આવેલ છે.ગુજરાત હાઈકોર્ટેમાંતત્કાલીન કચ્છ ક્લેક્ટર રેમ્યા મોહન દ્વારા જે એફિડેવિટ કરવામાં આવી છે તેમાં લખપત અબડાસા વિસ્તારમાં આવેલી દરખાસ્તોમાં ક્યાંય નિધી માઈનીંગ પ્રા.લી.ની. અરજી દરખા-સ્તનો ઉલ્લેખ કરેલ નથી એનો મતલબ એ થયો કે આ કંપની ની માંગણી લખપત વિસ્તારમાં હતી જ નહીં,નીધી માંઈનીગ પ્રા.લી. આ અરજી ખાવડા વિસ્તારની હોવા છતાં હ્વન્ઈ વિભાગ દ્વારા તેઓની માપણી લખપત વિસ્તારમાં કરવામાં આવેલ છે. આ વિસ્તારમાં પ્રા.લી. તેમજ અન્ય કંપનીઓ લવણ સોલ્ટ પ્રા.લી, અને રીશી કન્ટેઈનર એન્ડ ફ્રાઈટ સ્ટેશન પ્રા.લી.ના જે તે સમયના અભિપ્રાયોમાં આ વિસ્તારમાં નીધી માંઈનીગ પ્રા.લી ની અરજીનો કોઈ ઉલ્લેખ નથી. તેમ છતાં સ્થળ નકશો ગેરકાયદેસર રીતે ફેરફાર કરી આ વિસ્તારમાં બેસાડવામાં આવેલ છે. આમ નીધી માંઈનીગ પ્રા.લી. જેવી વગદાર કંપનીની ખાવડા વિસ્તારની માંગણીને સરકારી રેકોર્ડમાં છેકછાક કરી લખપત વિસ્તારમાં બતાવી આ ગેરકાયદેસર રીતે આ ફાઈલ ચલાવવામાં આવી રહી છે.

## નાના અગરિયાઓ શુ થશે ?

મીઠા ઉદ્યોગએ કચ્છના હજારો નાના નાના અગરિયાઓ માટે જીવાદોરી સમાન છે. એક તરફ છેલ્લા ૧૦ વર્ષથી સરકાર આ નાના અગરિયાઓની ૧૦ થી ૧૦૦ એકરના પ્લોટની ફાઈલો રીન્યુ કરાતી નથી, જયારે બીજી તરફ સરકાર પોતના મળતિયા ઉધોગપતિઓને હજારો એકર જમીન મીઠા અને મીઠા સંલગ્ન ઉદ્યોગો માટે ફાળવી રહી છે."સૌનો સાથ, સૌનો વિકાસ" ની બણગા ફુંકતી સરકાર હાલ તો એક જ યુવા નેતાનો વિકાસ કેમ થાય એની જ ઉપાધી કરી રહી છે.અન્ય ઉદાહરણ ટાંકતા વ્હાઈટ વાઇબ સોલ્ટ પ્રા.લી.ની ફાઈલમાં ગુજરાત સરકારના મહેસુલ વિભાગના મીઠાના ઉત્પાદન માટે સરકારી પડતર જમીન આપવા બાબતના તા.૧૮/૦૭/૨૦૧૮ વારા ઠરાવમાં પેરા ૩(૨) મુજબ પ્રથમ અરજી કરનારનો પ્રથમ હક્ક રહેશે, એ ઠરાવને પણ અવગણીને મંજુર કરવામાં આવી છે. સરકારની એવી કઈ મજબૂરી હતી કે અગ્રતા ક્રમમાં આવતી ના હોવા છતાં "વ્હાઈટ વાઈબ સોલ્ટ પ્રા.લી. ની જમીન મંજુર કરવામાં આવી ? આ તમામ પાછળ ક્યા રાજકીય નેતાનું દબાણ કામ કરી રહ્યું છે એ જાહેર જનતાએ જાણવું જરૂરી છે, કારણ કે જો ૧૦ એકરની લીઝ ૧૦ વર્ષથી રીન્યુ ના થતી હોય તો આ ૧૦,૦૦૦ એકરથી પણ વધુ જમીનની ફાઈલ કેમ જેટ ગતિએ મંજુર થઇ જાય છે ?